# વિશ્વવિહાર

વર્ષ : 25 * અંક : 12 * સપ્ટેમ્બર 2023 * કિં. ₹ 15




શ્રી રાજેન્દ્ર શુક્લને
વીર નર્મદ સાહિત્યગૌરવ પારિતોષિક અર્પણ કરતા
સમારંભના પ્રમુખ શ્રી રઘુવીર ચૌધરી તથા અન્ય મહાનુભાવો



શ્રી ભિક્ષુ અખંડ આનંદ ટ્રસ્ટ તરફથી શ્રી હેમરાજ શાહ પ્રેરિત અખંડ આનંદ પુરસ્કાર સ્વીકારતા શ્રી ચંદ્રકાન્ત શેઠ તથા ઍવૉર્ડ અર્પણ કરતા શ્રી પ્રવીણ ક. લહેરી, શ્રી હર્ષદભાઈ શાહ, શ્રી કુમારપાળ દેસાઈ તથા શ્રી હેમરાજ શાહ



'પત્રકારત્વની નવી ક્ષિતિજો' વિશે હરિ દેસાઈ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી : કુમારપાળ દેસાઈ, સંપાદક : પ્રીતિ શાહ
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : અજય ઑફસેટ, સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪
◆
email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org
છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૦૦/-
લવાજમ : 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.
વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેઇટ)
[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

# સૂરજે પહોંચવાનો પુરુષાર્થ

ચન્દ્રયાન ૩ના અવરોહકે (Lander) ચંદ્રની સપાટી પર હળવેથી ઉતરાણ કર્યું અને આપણે સૌ તેના સાક્ષી રહ્યા. ચન્દ્રયાન ૨ સમયની ત્રુટિઓને બરાબર ઓળખીને તેનું પૃથક્કરણ કર્યું. તેના આધારે ચન્દ્રયાન ૩માં એકવીસ જેટલા ફેરફાર કર્યા જેનું પરિણામ આપણે જોયું. ઈસરો પરિવારના આનંદ સાથે આખો દેશ તેમાં જોડાયો. ગુજરાત વિશ્વકોશ પણ આ આનંદમાં સાથે છે. અભિનંદન ઈસરો ટીમને. ઈસરો ક્યારેય નિષ્ફળતાથી નિરાશ નથી થતું કે અદ્વિતીય સફળતાથી છકી નથી જતું. આ અદ્ભુત સફળતા પછી  તેઓ નવા અભિયાન માટે તરત આયોજન કરવા લાગે છે. આ વાતની ખાતરી આપે છે કે આ મહિને (સપ્ટેમ્બર ૨૩) ઈસરો પોતાના સૌર-અભિયાનના શ્રીગણેશ કરશે અને ઉપગ્રહ રૂપી અંતરિક્ષ સૌર-વેધશાળા આદિત્ય L1નું પ્રક્ષેપણ  કરશે.

આપણા સૌથી નજીકના તારા અને સૌરમંડળના સૌથી મોટા પિંડ વિશે આપણે શાળાના દિવસોથી જાણીએ છીએ છતાં આજે થોડું પુનરાવર્તન કરી લઈએ, પછી ઈસરોના સૌર-અભિયાન વિશે વાત કરીશું. સૂર્ય એટલે હાઈડ્રોજન અને હીલિયમ વાયુઓનો ધગધગતો ગોળો, જેની ઉંમર લગભગ ૪૫૦ કરોડ વર્ષ માનવામાં આવે છે. સૂર્યના કેન્દ્રમાં તાપમાન ૧૫૦ લાખ ડિ.સે. સુધી પહોંચી જાય છે. આટલા પ્રચંડ તાપમાને સૂર્યના કેન્દ્રમાં અણુ સંયોગીકરણની (Nuclear Fusion) પ્રક્રિયા થાય છે જે સૂર્યને ઊર્જાવાન બનાવે છે. પૃથ્વીથી લગભગ ૧૫૦૦ લાખ કિલોમીટર દૂરથી સૂરજદાદા સૌરમંડળના બધા જ પિંડોને ઊર્જા આપે છે. સૌરઊર્જા સિવાય જીવન શક્ય નથી. સૂર્યનું ગુરુત્વાકર્ષણબળ બધા જ પિંડોને બાંધી રાખે છે અને રચાય છે સૌરમંડળ.


આપણે જે સૂર્ય જોઈએ છીએ તે છે સૂર્યનું તેજોમંડળ (Photosphere), જે પ્રમાણમાં ઠંડું એટલે કે ૫૫૦૦ ડિ.સે. તાપમાને હોય છે. અરે! આ બધી વાતો તો આપણે વર્ષોથી જાણીએ છીએ તો પછી સૂર્ય સુધી લાંબા થવાની જરૂર કેમ? હા, સૂર્ય એટલો ગરમ છે કે તેની નજીક જતાં પહેલાં જ કોઈ પણ પાર્થિવ પદાર્થ ભસ્મીભૂત થઈ જાય. છતાં પણ પૃથ્વીના વાતાવરણમાંથી બહાર નીકળીને સૂર્યનો અભ્યાસ કરીએ તો વધુ જાણી શકાય. વળી તે આપણી સૌથી નજીકનો તારો હોવાથી બીજા તારાઓ કરતાં તેનો વધુ ચોકસાઈથી અને વિગતવાર અભ્યાસ થઈ શકે. સૂર્યના અભ્યાસથી આપણી મંદાકિનીના તારાઓ વિશે અને અન્ય આકાશગંગાઓના તારાઓ વિશે પણ જાણી શકીએ. સૂર્ય અતિ ક્રિયાશીલ તારો છે જે આપણને દેખાય છે તેનાથી ઘણો વધુ વિસ્તરેલો

છે. તેના પર ઘણી વિસ્ફોટક ક્રિયાઓ થતી હોવાથી તે પ્રચંડ ઊર્જાનું ઉત્સર્જન કરે છે. વિસ્ફોટને કારણે ઉત્સર્જિત ઊર્જા પૃથ્વી તરફ આવે ત્યારે પૃથ્વીના નજીકના અંતરિક્ષમાં તે ખળભળાટ (Disturbance) મચાવે છે. આ ખળભળાટની અસર વિવિધ અંતરિક્ષયાનો અને સંચારપદ્ધતિને થાય છે. આજે જ્યારે દરેક ક્ષેત્રમાં ઉપગ્રહ સંચાર પ્રણાલીએ અડ્ડો જમાવી દીધો છે ત્યારે સૌર-ખળભળાટની આગોતરી ચેતવણી ખૂબ જરૂરી બની જાય છે. આ માટે જો સાવચેતીનાં પગલાં લેવાં હોય તો સૌર-વિસ્ફોટની અગાઉથી જાણકારી જરૂરી છે. અરે! તેની સાથેનો અવકાશયાત્રીનો સીધો સંપર્ક પણ ભયજનક બની શકે.

સૂર્ય પરની વિવિધ ઉષ્મીય અને ચુંબકીય ઘટનાઓ આત્યંતિક હોય છે. આ પ્રકારની ઘટનાઓનો અભ્યાસ પૃથ્વી પરની પ્રયોગશાળામાં થઈ શકતો નથી. આ ઘટનાઓને સમજવા માટે; તેનો અભ્યાસ કરવા માટે સૂરજ એક કુદરતી પ્રયોગશાળાની ગરજ સારે છે. સૂરજ તરફથી સતત આવતાં વિકિરણો, ગરમી, સૂક્ષ્મ કણો અને ચુંબકીય ક્ષેત્રની અસર પૃથ્વીને થાય છે. સૂર્ય તરફથી સતત ફૂંકાતા સૂક્ષ્મ કણોને સૌરપવન કહેવાય છે. સૂર્ય તરફથી સતત આવતા સૂક્ષ્મ કણો મહદ્અંશે ઉચ્ચ ઊર્જાવાન પ્રોટૉન હોય છે. સૌર-મંડળમાં લગભગ બધે જ પ્રોટૉન હોય છે. સૂર્ય પરની અન્ય વિસ્ફોટક ઘટનાઓને લીધે ગ્રહની નજીકના અંતરિક્ષનાં મૂળભૂત ચુંબકીય લક્ષણો અને વીજભારિત કણોનું (Charged Particles) વાતાવરણ બદલાઈ જાય છે.

## અનુક્રમ


| | | |
|---|---|---|
| સૂરજે પહોંચવાનો પુરુષાર્થ | ૩ | ચિંતન ભટ્ટ |
| મણિપુરમાં જાતીય હિંસા | ૭ | પ્રવીણ ક. લહેરી |
| સાવિત્રીબાઈ ફુલે : વંચિત મહિલાઓનું સશક્તીકરણ | ૧૦ | ડૉ. શિરીન મહેતા |
| ગૂગલની એઆઈ સર્વિસથી સર્જાશે અણધાર્યાં પરિવર્તનો | ૧૪ | હર્ષ મેસવાણિયા |
| અફવા એટલે.... | ૧૭ | રતિલાલ બોરીસાગર |
| અદિતિને પડકાર ગમે ! | ૧૯ | પ્રીતિ શાહ |
| ચિત્રકાર ધનવંતી બ્રહ્મલીન થયાં | ૨૧ | અભિજિત વ્યાસ |
| અસ્મિતા વિશેષ સંવાદ | ૨૩ | ભદ્રાયુ વછરાજાની |
| ચિહ્નિત મકાનો | ૨૭ | હેમંત વાળા |
| એક નોખી ભાતનો કવિ : લાઓ ત્ઝુ | ૨૯ | ડૉ. નાનક ભટ્ટ |
| વિશ્વકોશવૃત્ત | ૩૩ | – |




**સૂર્ય-પૃથ્વી લાગ્રેંજ બિંદુઓ**

પૃથ્વીની વાત કરીએ તો પૃથ્વીના ચુંબકીયક્ષેત્ર સાથે સૂર્ય તરફથી આવતા આ ખળભળાટને લીધે પૃથ્વીની નજીકનું ચુંબકીયક્ષેત્ર અવ્યવસ્થિત થઈ જાય છે. અંતરિક્ષમાં કામ કરતી આપણી અસ્કામતોને (ઉપગ્રહો, અંતરિક્ષમથક વગેરે) આ પ્રકારની ઘટના અસર કરી શકે છે. ગ્રહની નજીકના અંતરિક્ષની બદલાતી વાતાવરણીય સ્થિતિને 'અંતરિક્ષ વાતાવરણ' કહેવામાં આવે છે. આપણે જ્યારે વધુ ને વધુ અંતરિક્ષ ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરતાં થઈ ગયા છીએ ત્યારે અંતરિક્ષ વાતાવરણની સમજ ખૂબ જરૂરી બની જાય છે. પૃથ્વીના અંતરિક્ષ વાતાવરણને જાણવાથી અન્ય ગ્રહના અંતરિક્ષ વાતાવરણનો પણ તાગ મેળવી શકાય.

બ્રહ્માંડના દરેક પિંડને (તારા, ગ્રહો, ઉપગ્રહો, લઘુગ્રહો વગેરે) પોતાનું ગુરુત્વાકર્ષણક્ષેત્ર હોય છે. એકબીજાના ગુરત્વાકર્ષણક્ષેત્રોથી પ્રભાવિત બે પિંડોના સંદર્ભે અવકાશમાં કેટલાંક એવાં બિંદુઓ હોય છે જ્યાં બંને પિંડોનું ગુરુત્વાકર્ષણબળ બિનઅસરકારક બની જાય છે. આ બિંદુઓ 'લાગ્રેંજ બિંદુઓ' તરીકે ઓળખાય છે. ઈટાલીમાં જન્મેલા ફ્રેંચ ગણિત અને ખગોળશાસ્ત્રી લાગ્રેંજે બીજગણિત અને કલનગણિતમાં અગત્યનું યોગદાન આપ્યું હતું. તેઓએ ૧૭૭૨માં આ બિંદુઓની શોધ કરી હતી. તેઓના આ પ્રદાન બદલ આ બિંદુઓ લાગ્રેંજ બિંદુઓ કહેવાયાં. આ બિંદુ પર મૂકેલો નાનો પદાર્થ ત્યાં જ રહે છે - જે બેમાંથી કોઈ પણ પિંડના ગુરુત્વાકર્ષણને લીધે ખેંચાતો નથી. આ જગ્યાએ ગોઠવેલો ઉપગ્રહ ખૂબ જ ઓછા ઈંધણનો ઉપયોગ કરીને ત્યાંનો ત્યાં જ રહે છે. આ બિંદુઓ સૂર્ય-પૃથ્વીની બ્રહ્માંડ ગતિવિધિ સાથે ફરતાં રહે છે. સરળ ભાષામાં કહીએ તો તે સ્થિર હોય તેમ ભાસે છે.

સૂર્ય-પૃથ્વીના સંદર્ભમાં પાંચ લાગ્રેંજ બિંદુઓ છે. જેમાંનું પૃથ્વીથી પંદર લાખ કિલોમીટર દૂર આવેલું L1 સૂર્ય અને પૃથ્વીની વચ્ચે છે માટે તે પૃથ્વી પરથી ઉપગ્રહ દ્વારા સૂરજના અભ્યાસ માટે સૌથી વધુ યોગ્ય છે. માટે જ આદિત્ય ઉપગ્રહને 'આદિત્ય L1' નામ આપ્યું છે. આદિત્ય L1ને અહીં સ્થાપિત કરવા માટે આ મહિનામાં (સપ્ટેમ્બર, ૨૩) તેનું પ્રક્ષેપણ ઇસરોના નીવડેલ પ્રક્ષેપણ યાન PSLV દ્વારા થશે. ચન્દ્રયાનની જેમ સમયાંતરે કક્ષાને અંડાકાર વિસ્તારતા જઈ લગભગ ૧૨૦ દિવસ પછી આદિત્ય L1 પર પહોંચી જશે. એક જાણકારી માટે જેમ્સ વેબ ટેલિસ્કોપ L2 પર સ્થાપિત કરવામાં આવ્યું છે.

સૂર્યના અભ્યાસ માટેના ભારતીય અભિયાનની અંતરિક્ષમાં સ્થિત પહેલી સૌર-વેધશાળા આદિત્ય L1 છે. સૂર્ય-પૃથ્વીના લાગ્રેંજિયન બિંદુ-૧ની (Lagrangian Point 1 - L1) આસપાસની હેલો (Halo) કક્ષામાં તેને ગોઠવવામાં આવશે. L1ની કક્ષા ગોળાકાર કે અંડાકાર નથી પણ ચતુષ્કોણને (Rectilinear) મળતી આવે છે. L1 પૃથ્વીથી ૧૫ લાખ કિલોમીટર દૂર છે. આ કક્ષામાં મૂકેલો ઉપગ્રહ સૂર્ય પર સતત નજર રાખે છે. તેને કોઈ પણ પ્રકારનું ગ્રહણ નડતું નથી. આદિત્યમાં રહેલા સાત પેલોડ સૂર્યના તેજાવરણ (photosphere), વર્ણમંડળ (chromospheres) અને સૂર્યના સૌથી બહારના તેજોવલયનો (the Corona) અભ્યાસ કરશે. આદિત્યના ચાર પેલોડ તો સૂર્યની સામે મીટ માંડીને તેનો અભ્યાસ કરવામાં લાગી જશે જ્યારે બાકીના ત્રણ પેલોડ L1ની આજુબાજુના વાતાવરણનો અભ્યાસ કરશે. આ પરથી સૂર્યની વિસ્ફોટક ઘટનાઓ અંગે નિર્ણાયક માહિતી મળશે.

આપણને પ્રશ્ન થાય કે અંતરિક્ષમાં જઈને સૂર્યનો અભ્યાસ શા માટે કરવો? આમ પણ સૂર્ય-પૃથ્વીના અંતરનું ફક્ત એક ટકા અંતર કાપીને જ આદિત્ય L1ને સ્થાપિત કરવાથી શું મોટો ફેર પડી જવાનો છે? આ પ્રશ્નોના જવાબ કંઈક આ મુજબ છે - સૂર્ય લગભગ બધી જ તરંગ લંબાઈના કિરણોત્સર્ગ(પ્રકાશ)નું સતત વિકિરણ કરે છે. સાથે સાથે ઊર્જામય કણો અને ચુંબકીયક્ષેત્રનું પણ ઉત્સર્જન કરે છે. પૃથ્વીનું વાતાવરણ અને ચુંબકીયક્ષેત્ર આની સામે ઢાલનું કામ કરે છે. પૃથ્વીની જીવસૃષ્ટિ માટે હાનિકારક કિરણો અને કણોને તે ઢાલ અટકાવી દે છે.

આમ સૂર્યમાંથી ઉત્સર્જિત થતા બધા જ તરંગો ધરતી સુધી પહોંચતા નથી; માટે ધરતી પર ગોઠવેલાં ઉપકરણોથી તેનો અભ્યાસ થઈ શકે નહીં. આ માટે તો પૃથ્વીના વાતાવરણની બહાર જ નીકળવું પડે એટલે કે અંતરિક્ષમાં જવું પડે. વળી સૌર-પવન અને સૌર-ગુરુત્વાકર્ષણબળ આંતરગ્રહીય યાત્રામાં કેવી અસર કરે છે તેનો અભ્યાસ કરવા માટે પણ પૃથ્વીના ગુરુત્વાકર્ષણબળથી છેડો ફાડીને અભ્યાસ કરવો પડે, માટે પૃથ્વીના ગુરુત્વાકર્ષણમાં પરિક્રમા કરતો ઉપગ્રહ આ માટે કામ ન લાગે. જોકે સૂર્યનો અભ્યાસ એકલા આદિત્યથી પૂરો થઈ નહિ જાય. જિજ્ઞાસા સતત રહે છે અને જ્ઞાનપિપાસા છિપાવવાનો પ્રયત્ન અવિરત ચાલુ રહે છે.

**– ચિંતન ભટ્ટ**

# મણિપુરમાં જાતીય હિંસા

ભારતનો પૂર્વોત્તર ભાગ સંરક્ષણની દૃષ્ટિએ આગવું મહત્ત્વ ધરાવે છે. ચીન અને મ્યાનમાર સાથેની સરહદો સંવેદનશીલ છે. બાંગ્લાદેશની સરહદો હાલ શાંત છે, પણ ભૂતકાળમાં ભારતમાં ગેરકાયદે ઘૂસણખોરીનું મુખ્ય કેન્દ્ર બાંગ્લાદેશ હતું. પૂર્વોત્તરનો મોટાભાગનો ભૂભાગ પર્વતીય છે. પર્વતોમાં ખેતી અને અન્ય આર્થિક પ્રવૃત્તિઓમાં અવરોધો આવે છે. છેલ્લાં ૫૦ વર્ષમાં પૂર્વોત્તર ભારતમાં વસ્તીનો વિસ્ફોટ થયો છે. ત્યાં રોજગારી મેળવવાની અને આવક પ્રાપ્ત કરવાની તકો સીમિત છે. પૂર્વોત્તરના આદિજાતિ વિસ્તારોમાં ધર્માંતરણ ખૂબ મોટા પાયે થયું છે. કોઈ અગમ્ય કારણોસર આ વિસ્તારમાં ખ્રિસ્તી પાદરીઓને વિશેષ દરજ્જો અને સુવિધાઓ મળતાં ખ્રિસ્તી ધર્મનો ફેલાવો થયો છે. તે સાથે મોટાભાગના જનજાતિના યુવાનો-યુવતીઓને અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ મળ્યું છે. અખિલ ભારતીય સેવામાં આદિજાતિ માટેની અનામત જગ્યાઓમાં પૂર્વોત્તર ભારતનો હિસ્સો નોંધપાત્ર છે. સામાન્ય લોકો હોટેલ, મસાજ પાર્લર વગેરેમાં નોકરી/ધંધા માટે ભારતનાં મોટાં શહેરોમાં આવ્યા છે.

આઝાદી બાદ પૂર્વોત્તર ભારતની વિવિધ આદિજાતિઓ વચ્ચે અશાંતિનો માહોલ રહ્યો છે. નાગા, મિઝો, કુકી સહિત અનેક જૂથોએ બળવાખોર શસ્ત્રસજ્જ લશ્કરો રચીને અનેક વિસ્તારોમાં મનમાની કરી છે. ૧૯૭૨માં ભારત સરકારે આસામ રાજ્યની પુનઃરચના કરી, કેન્દ્રીય શાસિત પ્રદેશોને અને જુદી જુદી જનજાતિ માટે નાનાં નાનાં રાજ્યોની રચના કરી છે. નાગાલૅન્ડ, આસામ, મિઝોરમ, મણિપુર, અરુણાચલ, મેઘાલય અને ત્રિપુરા – આ સાત રાજ્યોને ૭ બહેનો (સેવન સિસ્ટર્સ) તરીકે ઓળખવામાં આવે છે. ૧૯૭૪માં સિક્કિમના વિલીનીકરણ બાદ હાલ આઠ પૂર્વોત્તર રાજ્યો અસ્તિત્વ ધરાવે છે. ૧૯૭૨ના પુનઃગઠન બાદ અને ભારતીય લશ્કરની ધીરજ અને કુનેહભરી કાર્યવાહી બાદ આ વિસ્તારોની કાયદા-વ્યવસ્થાની સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો હતો. પર્યટન દ્વારા રોજગારીની તકો વધી હતી. ઉચ્ચ અભ્યાસ માટે ભારતનાં વિવિધ વિશ્વવિદ્યાલયોમાં પૂર્વોત્તર રાજ્યોનાં યુવક-યુવતીઓ પ્રવેશ મેળવી રહ્યાં છે. બળવાખોરી, આતંક અને હિંસાના લાંબા ઇતિહાસ બાદ પૂર્વોત્તર રાજ્યોનો આર્થિક વિકાસ ગતિ પકડે તે પહેલાં મણિપુર રાજ્યમાં દાવાનળ સળગ્યો છે. આઝાદી બાદની અશાંતિની અનેક ઘટનાઓમાં મણિપુરમાં છેલ્લા ૧૦૦ દિવસમાં જે બનાવો બન્યા છે તેનાથી ભારતીય તરીકે આપણાં માથાં શરમથી ઝૂકી જાય તેવી કલંકિત, હિંસક અને અમાનવીય વર્તણૂક આજે વિશ્વમાં ઉગ્ર ચર્ચાનો મુદ્દો બન્યો છે. મણિપુર

રાજ્ય આમ તો નાનકડું છે. વસ્તી પણ ઓછી છે. પોતાની આગવી સંસ્કૃતિ માટે ગૌરવ અનુભવી શકે તેવો આ પ્રદેશ આજે આગ, બળાત્કાર, ગોળીબાર, સશસ્ત્ર હુમલાઓ અને ક્રૂરતા માટે વગોવાઈ રહ્યો છે.

મણિપુરનો કુલ વિસ્તાર ૨૨,૩૨૭ ચોરસ કિલોમીટરનો છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે મણિપુર રાજ્યની વસ્તી ૨૮,૫૫,૭૯૪ છે. અત્યારે તે ૩૫ લાખ આસપાસની અંદાજી શકાય. જનજાતિની દૃષ્ટિએ કુલ વસ્તીની ૫૩ ટકા વસ્તી મૈતેઈ લોકોની છે. નાગા જનજાતિની વસ્તી ૨૪ ટકા જેટલી અને કુકી જાતિની વસ્તી ૧૬ ટકા જેટલી છે. મણિપુરની ૯૦ ટકા જમીન ડુંગરાળ છે. સપાટ જમીન જે ૧૦ ટકા છે ત્યાં મૈતેઈ જાતિ વસે છે. ઉત્તરના પર્વતીય પ્રદેશમાં નાગા જાતિ અને દક્ષિણના પર્વતોમાં કુકી જાતિ વસે છે. અગાઉ ઝૂમ ખેતીપદ્ધતિના કારણે અને વારંવારના જનજાતિ આંતરિક સંઘર્ષોને કારણે પૂર્વોત્તરની મહત્ત્વની જનજાતિઓ અનેક વિસ્તારોમાં ફેલાયેલી છે.

મણિપુરમાં કુકી-નાગા-મિઝો જાતિને જ જનજાતિનો દરજ્જો પ્રાપ્ત હોવાથી તેઓને સરકારી નોકરી, શિક્ષણમાં અનામતનો લાભ મળે છે. તેમની જમીન અન્ય લોકો ખરીદી શકતા નથી. મૈતેઈ લોકોની એ જૂની રજૂઆત હતી કે તેમનો સમાવેશ આદિવાસી જાતિની સૂચિમાં થવો જોઈએ. આ મુદ્દે હાઈકોર્ટમાં થયેલી અરજીના ચુકાદામાં કોર્ટે આદેશ કર્યો કે રાજ્ય-સરકારે અને કેન્દ્ર-સરકારે આ અંગે ઝડપી નિર્ણય લેવો. આ ચુકાદાને કારણે કુકી અને નાગા જનજાતિના સમૂહોમાં અસંતોષ સાથે હુલ્લડોની શરૂઆત થઈ. મૈતેઈ લોકો શાસક રહી ચૂક્યા છે અને આજે પણ રાજકારણમાં તેઓનું પ્રભુત્વ છે. જનજાતિનો દરજ્જો મૈતેઈ લોકોને આપવો કે નહીં તે મુદ્દો અતિ સંવેદનશીલ બનતાં મણિપુરમાં જે જાતીય હિંસાના બનાવો બનવા લાગ્યા છે તે ૧૦૦ દિવસ બાદ પણ રોકી શકાયા નથી. મણિપુરમાં ભૂતકાળમાં ખાનગી લશ્કરો કાર્યવાહી કરતાં હતાં. ફરી અનેક જૂથોએ સરકારી શસ્ત્રાગારો લૂંટીને તે શસ્ત્રોનો બેફામ ઉપયોગ કરી પરિસ્થિતિ એટલી હદે બગાડી છે કે રાજ્ય પોલીસ, કેન્દ્રીય પોલીસ અને લશ્કરની હાજરી છતાં દુર્ઘટનાઓનો સિલસિલો ચાલુ છે. સરકાર માટે પણ સંયમ કે ધીરજ ગુમાવવાં પાલવે નહીં તેમ છે. જનજાતિના મુદ્દે લડતાં બે જૂથો - મૈતેઈ અને કુકી-નાગા વચ્ચે મંત્રણા યોજવા માટે જે સુમેળભર્યું વાતાવરણ હોવું જોઈએ તે નથી. ઉન્માદી ટોળાએ મે માસમાં મહિલાઓને નિર્વસ્ત્ર કરી જાહેરમાં પરેડ કરાવી જે દુષ્કર્મો આચર્યાં તે કોઈ પણ સભ્ય સમાજ માટે ઘેરા કલંક સમાન છે. આપણી સંસદ હોય કે યુરોપની પાર્લમેન્ટ, મીડિયા હોય કે રાજકારણીઓ સૌ પોતાની નારાજગી-આક્રોશ વ્યક્ત કરે છે, પણ ક્રૂરતા રોકવા માટે કોની જવાબદારી તે પ્રશ્ને અરસપરસનું દોષારોપણ થાય છે.

આ જાતીય તણાવ હિંસા માટે વસ્તીના ધર્મમાં આવેલ ફેરફારોને પણ કારણભૂત માનવામાં આવે છે. ૧૯૬૧માં હિંદુઓની વસ્તી ૬૨ ટકા હતી તે ઘટીને ૨૦૧૧માં

૪૧ ટકા થઈ છે. ૧૯૬૧માં ખ્રિસ્તીઓની વસ્તી ૧૯ ટકા હતી તે ૨૦૨૧માં વધીને ૪૧ ટકા થઈ છે. કુકી અને નાગા જનજાતિઓની સંખ્યાબંધ પેટા જાતિઓ પણ છે. મણિપુરની હિંસા રોકવા માટે નીચેના મુદ્દાઓ મહત્ત્વના છે :

૧. મૈતેઈને જનજાતિનો દરજ્જો આપવો કે કેમ ?

૨. કુકી-નાગાઓની સમકક્ષ લાભો મૈતેઈ જૂથને મળે તો કુકી-નાગાઓને અન્યાય થાય.

૩. તેમની પર્વતીય વસાહતોને અલગ રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવો કે કેમ ?

૪. મણિપુરમાં ભારતમાં જોડાવાના (૧૯૯૪થી) મુદ્દે વિવાદો ચાલતા રહ્યા છે તે પણ સામાન્ય લોકોમાં અવિશ્વાસ અને અસંતોષનું કારણ છે.

૫. મૈતેઈ-કુકી-નાગા અને અન્ય જનજાતિ લાંબા ગાળે સુમેળપૂર્વક રહી શકે અને તે વિસ્તારનો વિકાસ થઈ શકે તે માટે નક્કર આયોજન અને ચુસ્ત અમલ કરવો જરૂરી છે.

આ મુદ્દાઓના નિરાકરણ માટે સૌ સંબંધિત જૂથોના અગ્રણીઓ એક વાત સમજે કે ગમે તેટલા ખૂન-ખરાબાથી કોઈ પ્રશ્ન ઉકેલી નહીં શકાય. સૌ કોઈએ અરસપરસની સદ્ભાવના કેળવી પ્રશ્નોનો ઉકેલ કરવામાં બાંધછોડની નીતિ અપનાવવી જરૂરી છે. હિંસા કે ક્રૂરતા સમસ્યાઓ ઉકેલી શકે નહીં - હકીકતમાં તેના કારણે ગૂંચવણો વધતી જાય છે.

મણિપુરની જાતીય હિંસા આપણી ૭૭ વર્ષની આઝાદી બાદ આવેલો એક એવો પડકાર છે કે જેમાં આપણી સમક્ષ પ્રશ્નો એ છે કે આપણી લોકશાહી પુખ્ત બની છે ? નાગરિકો તરીકે આપણે જવાબદાર બન્યા છીએ ? આપસની વેરવૃત્તિ વિનાશકારી બની રહી છે ત્યારે શું કરવું ? આ પ્રશ્નોનો ઉકેલ એક જ છે. હિંસા છોડીને શાંત અને સ્વસ્થ ચિત્તે મંત્રણા થકી સમાધાનનો માર્ગ અપનાવવો.

આપણે આશા રાખીએ કે દેશના તમામ રાજકીય પક્ષો અને આગેવાનો કોઈ રાજકીય ઈરાદો વચ્ચે લાવ્યા વિના સંયુક્ત રીતે મણિપુરની પ્રજાને સમજાવશે, વિશ્વાસમાં લેશે તો સુખ-શાંતિના દરવાજાઓ અવશ્ય ખૂલશે. દેશના ભાગલા બાદ પૂર્વ ભારતની કોમી હિંસા રોકવા એકલપંડે ૭૭ વર્ષની જૈફ વયે એક લશ્કર ન કરી શકે તેવી શાંતિ સ્થાપનાર મહાત્માની નોઆખલી યાત્રાનું આજે સ્મરણ થાય છે. મહાત્માઓ તો હજારો વર્ષ બાદ જન્મે છે પણ તેના પગલે ચાલીએ તો દેશમાં ન્યાય, સમાનતા, સ્વતંત્રતા અને ભાઈચારાના બંધારણીય આદર્શો સાકાર થાય તેમાં શંકાને સ્થાન નથી. મણિપુરની ઘટનાઓ - જાતીય હિંસા અને ક્રૂરતા રોકવા માટે આપણે સંકલ્પબદ્ધ થઈને ઉકેલ માટે કામ કરવા સિવાય અન્ય વિકલ્પ નથી.

**— પ્રવીણ ક. લહેરી**

# સાવિત્રીબાઈ ફુલે : વંચિત મહિલાઓનું સશક્તીકરણ



ભારતમાં પ્રથમ શિક્ષિકાનું બિરુદ ધરાવનાર સાવિત્રીબાઈ ફુલે સમાજના છેવાડાના, નિમ્નસ્તરીય, વંચિત કોમમાં જન્મ્યાં હતાં. અથાગ પરિશ્રમ કરીને તેઓ પ્રથમ શિક્ષિકા કહેવાયાં. એ જમાનામાં તદ્દન નવા પ્રકારની વિચારસરણી રજૂ કરનાર, સામાજિક બંધનો સામે ક્રાન્તિની જ્યોત પ્રગટાવનાર મહિલાની આજે સમગ્ર મહારાષ્ટ્રમાં ૧૯૨મી જન્મજયંતી ઊજવાઈ રહી છે. તેમનાં ભગીરથ કાર્યોની સ્મૃતિમાં ૧૯૯૮માં ભારત સરકારે સાવિત્રીબાઈ ફુલેના ચિત્ર સાથે ૧૦મી માર્ચે બે રૂપિયાની ટિકિટ બહાર પાડી.

૧૯મી સદીના પૂર્વાર્ધમાં મહારાષ્ટ્રમાં સ્ત્રીઓની અત્યંત કરુણ સ્થિતિ હતી. માતાપિતા છોકરી પાંચથી સાત વર્ષની થાય ત્યારે વેચી દેતા. એ આજીવન ગુલામ મળી રહે તેથી છોકરીઓને ખરીદનારા પણ હતા. છોકરીઓને ભણવા પર નિષેધ. બાળલગ્નો પ્રચલિત હતાં. કન્યા કુમળી વયે વિધવા બને, તો તેને માટે તે સામાજિક મૃત્યુ સમાન હતું. અંધારિયો ખંડ, કાળાં વસ્ત્રો, વાળ ઉતરાવી નાખવાના, ખાવામાં સૂકો રોટલો - એ એનું જીવન હતું. મહારાષ્ટ્રમાં બ્રાહ્મણ પેશ્વાઓ અને બ્રાહ્મણ કોમોનું વર્ચસ્વ એટલી હદ સુધી હતું કે બ્રિટિશ સરકારને પણ તે સ્વીકારવું પડ્યું હતું.

આ સામાજિક દમન અને બદીઓ સામે બંડ પોકારનાર, વિદ્રોહ કરનાર મહાન વીરાંગના સાવિત્રીબાઈ ફુલેનો જન્મ ૩ જાન્યુઆરી, ૧૮૩૧માં નાયગાંવ, સાતારા જિલ્લામાં માળી કોમમાં થયો હતો. માળી અસ્પૃશ્યો ન હતા પણ સમાજના નિમ્ન વર્ગોમાં ગણાતા હતા. જ્યારે મહારાષ્ટ્રમાં છેવાડાની માંગ અને મહાર જાતિ અસ્પૃશ્ય ગણાતી. સાવિત્રીના જીવનમાં આ ઠંડી તાકાત આવી ક્યાંથી ? તેના જીવનમાં પિતા ખંડોજી નેવાસે પાટીલ ગામના મુખી અને પતિ જોતીબા ફુલે એ પ્રેરણામૂર્તિ બન્યા. એમના પિતાએ બંગાળના રાજા રામમોહન રાય, ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગરના વિચારોની અસર હેઠળ તેમના ગામમાં બ્રાહ્મણોનો સામનો કરી એક શાંતાબાઈ નામની મહાર સ્ત્રીને સતી થતાં બચાવી હતી. ખ્રિસ્તી સાધ્વીએ (નને) જ્યારે ગામમાં શાળા સ્થાપવા પહેલ કરી, ત્યારે બ્રાહ્મણોનો વિરોધ કરી ખંડુજાએ શાળા સ્થાપવા ખ્રિસ્તી સાધ્વીને ટેકો આપ્યો હતો.

સાવિત્રીના જીવનમાં મોટામાં મોટા પ્રેરણાસ્રોત એમના પતિ જોતીબા ફુલે (૧૮૨૭-૧૮૯૦) હતા. ફુલે માળી કોમના. તેમના પિતા ગોવિંદરાવ ખેતી કરતા,

ફૂલો ઉગાડતા, ફૂલો વેચતા, તેથી તેઓ ફુલે કહેવાયા. જોતીબા નવ મહિનાના હતા ત્યારે માતા મૃત્યુ પામી અને તેનો ઉછેર દાઈ સગુણાબાઈએ કર્યો. જોતીબાને એણે અક્ષરજ્ઞાન આપ્યું. પિતા અને દાઈએ જોતીબાનો ભણવાનો શોખ કેળવ્યો. પૈસાના અભાવે તેમજ અસ્પૃશ્યતાના વાતાવરણને કારણે સાત વર્ષની ઉંમરે શાળામાં દાખલ થયા, પણ શાળા છોડવી પડી. પિતા સાથે ખેતીનો ધંધો કરતા એક અંગ્રેજ લિજિટસાહેબનો પરિચય થયો. બાળકની તીવ્ર બુદ્ધિમત્તા જોઈ જોતીબાને સ્કોટિશ શાળામાં દાખલ કર્યા. ૧૮૪૧-૪૭ સુધી અભ્યાસ કર્યો. અંગ્રેજી સાહિત્યનો પરિચય થતાં ફ્રાન્સની ક્રાન્તિ, વ્યક્તિ-સ્વાતંત્ર્યની વિચારસરણી પચાવી. થોમસ પેઇનના 'The Rights of Men' (માનવ-અધિકારો) પુસ્તકે પ્રગાઢ અસર કરી. જોતીબા ફુલે એ જમાનામાં બ્રાહ્મણોના વર્ચસ્વ સામે, સમાજની અન્યાયી રૂઢિઓ, રીતરિવાજો સામે પ્રચંડ ક્રાન્તિ કરનારા તરીકે ઓળખાયા. સ્ત્રીશિક્ષણ અને સ્ત્રીસશક્તીકરણની વાત કરનાર મહારાષ્ટ્રમાં જ નહિ પણ સમગ્ર દેશમાં તેઓ પ્રથમ પુરુષ બન્યા.

૧૮૪૦માં નવ વર્ષની ઉંમરે સાવિત્રીનું લગ્ન બાર વર્ષના જોતીબા સાથે થયું. સાવિત્રીની અભ્યાસની લગની જોઈ જોતીબાએ સાવિત્રીને ફરાર ઇન્સ્ટિટ્યૂટ, અહમદનગરમાં દાખલ કરી. ત્યાં સાવિત્રીએ નૉર્મલ કોર્સ કરી ત્રીજી, ચોથી પાસ કરી. ૧૮૪૮માં 'કૉટેજ મિશન' સ્કૂલમાં આગળ અભ્યાસ કરી શિક્ષિકાની તાલીમ લીધી. દેશની પ્રથમ શિક્ષિકા બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું.

બ્રાહ્મણોથી છાનામાના જોતીબા અને સાવિત્રી છોકરીઓને ઘેર બોલાવી અભ્યાસ કરાવતાં. બ્રાહ્મણોના દબાણને વશ થઈ પિતાએ જોતીબા અને સાવિત્રીને કાઢી મૂક્યાં. હિંમત હાર્યા વગર કેટલાક મિત્રોના ટેકાથી આગળ વધ્યાં. ૧૮૫૧માં તેઓએ ત્રણ શાળાઓ શરૂ કરી જે માંગ, મહાર તેમજ સમાજનાં બધી જ કોમનાં બાળકો માટે ખુલ્લી મૂકી.

શિક્ષિકા તરીકે સાવિત્રીનું કામ ખૂબ કપરું હતું. લોકો રસ્તે જતાં પથ્થર મારતા, ગાળો દેતા, છાણ ફેંકતા. સાવિત્રી બે સાડી રાખતી. નિશાળમાં ગંદી સાડી કાઢી નાંખી, ઝોળીમાં રાખેલી ચોખ્ખી સાડી પહેરીને ભણાવે. સાવિત્રીએ છોકરીઓને ભણાવવાની ઝુંબેશમાં સફળતાથી સંઘર્ષ ઝીલ્યો.

૧૮૫૮માં 'મહિલા સેવામંડળ' શરૂ કર્યું. જે પુખ્તવયની સ્ત્રીઓનો અભ્યાસ છૂટી ગયો હોય તેમને તક આપી. સાવિત્રી અને જોતીબા ફુલેએ કેવળ સામાજિક સુધારા, અન્યાયો, રૂઢિઓ સામે ભાષણો નહીં કરતાં નક્કર પગલાં લીધાં. ૧૮૬૩માં વિધવાઓની કાળીકોટડીનું નિવારણ કરવા 'વિધવા આશ્રમ' સ્થાપ્યો. વિધવાઓનાં ગેરકાયદેસર બાળકોને મારી નંખાતાં, તેમને બચાવવા ૧૮૬૪માં 'બાળહત્યા પ્રબંધક ગૃહ' શરૂ કરાયું. બરાબર આ જ અરસામાં પતિ-પત્નીએ ખેતીમાં કામ કરતા ખેડૂતમજૂરો માટે રાત્રિશાળાના વર્ગો શરૂ કર્યા. ગામડે ગામડે ફરી, શિક્ષણ, સમાજસુધારા અને બ્રાહ્મણોની જોહુકમી સામે જાગૃતિ લાવવા પ્રયાસ આદર્યો. મૂર્તિપૂજા, બ્રાહ્મણોને ક્રિયાકાંડ કરવા બોલાવવા, દાનદક્ષિણા આપવા સામે ખૂબ વિરોધ કર્યો. સ્ત્રીશિક્ષણ, વિધવાપુનર્લગ્ન, બાળલગ્નનિષેધ સામે પ્રખર ઝુંબેશ ઉપાડી.

૧૮૭૩માં રાજકારણથી તદ્દન અલિપ્ત એવું 'સત્યશોધક મંડળ'ની સ્થાપના કરી. મહારાજા શાહુએ આ સંસ્થાને ટેકો આપતાં પૂના, સાતારા, રત્નાગિરિ વગેરેમાં આ સંસ્થાની શાખાઓ સ્થપાઈ. 'દિનબંધુ' નામના મુખપત્રે પણ બ્રાહ્મણોની જ્ઞાતિપ્રથા વિરુદ્ધ અને દલિત જાતિઓ પ્રત્યેના સમાજના ઉપલા વર્ગોના વલણ સામેની ઝુંબેશ ઉપાડી.

દેશમાં સૌપ્રથમ નિમ્નસ્તરીય બાળા દ્વારા લખાયેલું કાવ્ય અહમદનગરથી બહાર પડતા 'જ્ઞાનોદય'માં પ્રગટ થયું હતું. મહાર જાતિ(અસ્પૃશ્ય)ની બાળાએ ૧૮૫૫માં 'માંગ, મહારાચ્યા દુઃખ વિષયી' કાવ્ય ૧૪ વર્ષની મુક્તાબાઈ જે સાવિત્રીની શાળામાં ભણતી હતી તેણે લખ્યું છે. બાજીરાવ પેશ્વાના અને બ્રાહ્મણોના ત્રાસનું તાદ્દશ વર્ણન આ છોકરીએ કર્યું છે. તે નોંધે છે કે પેશ્વાનો હુકમ હતો કે જે રસ્તે પેશ્વા અને બ્રાહ્મણો જાય તે રસ્તા ઉપરથી માંગ, મહાર લોકોએ પસાર ના થવું અને થાય તો તેમનું ડોકું કાપી નંખાતું. મુક્તાબાઈ કહે છે કે પેશ્વા કહેતા કે, 'શું જમીનમહેસૂલ, વહીવટીતંત્રનાં ખાતાં માંગ-મહાર સંભાળશે તો બ્રાહ્મણો હજામ બની વિધવાઓના વાળ કાપશે ?'

મુક્તાબાઈનું કાવ્ય સીધીસાદી પદ્ય શૈલી કરતાં ગદ્યમય શૈલીવાળું છે -

'ઓ જ્ઞાનીપંડિતો ! તમારા ખોખલા ડહાપણનાં પોટલાં સમેટો, તમે સાંભળો !
અમારી મહિલાઓ બાળકને જન્મ આપે છે ત્યારે
નથી છાપરું, કેવળ ટાઢ, તડકો અને વરસાદનો સાથ,
અમારા અનુભવની વાણી સુણો છો ?
અસ્પૃશ્ય મહિલા રોગનો ભોગ બની, તો
પહેલાં પૈસાનો અભાવ, શું કયા દયાવાળો,
ડૉક્ટર વગર પૈસે આ સ્ત્રીની નાડીનો સ્પર્શ કરશે ?'

બરાબર લગભગ આ જ સમયે ૧૮૮૧માં સૂરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં ૨૪ વર્ષની બ્રાહ્મણ જ્ઞાતિની વિધવા વિજયાલક્ષ્મીને તેનું ગેરકાયદેસર બાળક રાત્રે બે વાગ્યે તળાવની પાળે જઈ મારી નાખવા બદલ અંગ્રેજ જજ એસ. હોમિમિકે ખ્રિસ્તી કાયદા પ્રમાણે આ ખૂનનો ગુનો ગણી તેને ફાંસીની સજા ફટકારી. ૧૮૮૦માં મુંબઈ પ્રાંતમાં ૩૮૧ વિધવાએ ગેરકાયદેસર બાળકોને મારી નાખવાના બનાવો નોંધાયા હતા. ૧૫૨ વિધવાઓને આજીવન કેદ થયેલી અને ૧૮ને ફાંસીની સજા ફટકારાઈ.

જોવાની ખૂબી એ છે કે ગુજરાતમાં સમાજસુધારણાની ચળવળ - સ્ત્રીઉદ્ધાર પ્રવૃત્તિઓ પુરઝડપે ચાલી રહી હતી. પ્રખર સુધારકો, સાહિત્યકારો મહીપતરામ રૂપરામ, ભોળાનાથ સારાભાઈ, ગોપાળ હરિ દેશમુખ, મણિભાઈ દ્વિવેદી, આનંદશંકર ધ્રુવ, ગોવર્ધનરામ ત્રિપાઠી હતા પણ તેમનું રૂંવાડું હાલ્યું ન હતું, પરંતુ વિજયાલક્ષ્મીની ફાંસીની સજા સામે ફુલેના 'સત્યશોધક મંડળ'ના કાર્યકર્તાઓએ સામાજિક માધ્યમોમાં જબરજસ્ત ઝુંબેશ ઉપાડી. જોતીબા ફુલે, સાવિત્રીબાઈ, તારાબાઈ શિંદેએ જબરજસ્ત ઊહાપોહ કર્યો. તારાબાઈ શિંદેએ કઢંગી મરાઠી ભાષામાં ૧૮૮૨માં 'સ્ત્રીપુરુષ તુલના' શીર્ષક હેઠળ ૮૧ પાનાંનું પુસ્તક લખ્યું. જેનું અંગ્રેજીમાં ભાષાંતર થયેલું છે. આના પરિણામે વિજયાલક્ષ્મીને કેવળ બે વર્ષની સાદી કેદ થઈ.

જોતીબા ફુલે મહાન ક્રાન્તિકારી વિચારક હતા. તેમનું માનવઅધિકારની છણાવટ કરતું 'ગુલામગીરી' પુસ્તક મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન છગન ભુજબળે અમેરિકાના પ્રેસિડન્ટ ઓબામાને ભેટ આપ્યું હતું. તેમના 'તૃતીય રત્ન' પુસ્તકે 'કેળવણી એ ત્રીજું નેત્ર છે' એના પર ભાર મૂક્યો. ૧૮૮૫માં 'સત્સાર', 'સાર્વજનિક સત્યધર્મ', 'શતકાય આસુદ' વગેરે નિબંધો લખ્યા. ૧૮૮૭માં મુંબઈમાં જોતીબાને ગવર્નરના પ્રમુખપદે યોજાયેલ સમારંભમાં 'મહાત્મા'નું બિરુદ અપાયું. ફુલે ૧૮૯૦માં મૃત્યુ પામ્યા.

જોતીબા ફુલે અને સાવિત્રીને બાળક ન હતું પણ તેઓએ કાશીબાઈ બ્રાહ્મણ સ્ત્રીને સતી બનતાં રોકી હતી. તેના બાળક યશવંતરાવને દત્તક લીધો હતો. આ બાળક સમય જતાં ડૉક્ટર બન્યો, પણ તે બ્રાહ્મણ હોવાથી ફુલેની મૃત્યુવિધિ તેને કરવા દેવામાં ના આવી. સમાજને દાખલો બેસાડવા ખૂબ બહાદુરીપૂર્વક પતિની અંતિમ ક્રિયા સાવિત્રી ફુલેએ પોતે કરી.

સાવિત્રી ફુલેએ ૧૮૯૭માં પૂનામાં પ્લેગ ફાટી નીકળતાં પોતે અને તેમના ડૉક્ટર પુત્રે ટૅન્ટ ઊભાં કરી દર્દીઓની ખૂબ સેવા કરી. સાવિત્રીને પ્લેગનો ચેપ લાગતાં ૬૬ વર્ષની વયે ૧૦ માર્ચ, ૧૮૯૭માં મૃત્યુ પામ્યાં. તે પોતે કવયિત્રી હતાં. 'કાવ્ય ફુલે' અને 'બાવનકશી સુબોધરત્નાકર' પુસ્તકો તેમણે લખ્યાં હતાં. શિક્ષણને બિરદાવતાં પ્રથમ શિક્ષિકા લખે છે :

'જ્ઞાન બિના સબ ખો જાતા હૈ,
જ્ઞાન બિના હમ જાનવર બન જાતે હૈ,
જાઓ જા કર પઢો, લિખો, બનો આત્મનિર્ભર
બનો મહેનતી કામ કર, ઔર ધન કમાવ.'

**— ડૉ. શિરીન મહેતા**

---

## શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્ર

ગુજરાતી વિશ્વકોશ દ્વારા એક નવું આયોજન આકાર લઈ રહ્યું છે. દર રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યે વિશ્વકોશ દ્વારા આજનાં બાળકોને પસંદ પડે તેવું કથાવસ્તુ ધરાવતી વાર્તા પ્રસ્તુત થશે.

સપ્ટેમ્બર મહિનામાં ૩ સપ્ટેમ્બરે 'કૃષ્ણ સુદામાની મૈત્રી', ૧૭ સપ્ટેમ્બરે 'ગણપતિ દાદાની વિશ્વયાત્રા' વાર્તાનું લેખન અને રજૂઆત અલ્પા શાહ તથા ૧૦ સપ્ટેમ્બરે 'મહાવીર સ્વામી', ૨૪ સપ્ટેમ્બરે 'સોનાનો મોર' વાર્તાનું લેખન અને રજૂઆત પ્રીતિ ચોકસી કરશે.

આ ઉપરાંત દર રવિવારે વાર્તા સાથે એક બાળગીત રજૂ કરવામાં આવશે.

દર રવિવારે ૧૦.૩૦ વાગ્યે આ બાળવાર્તાઓ યૂટ્યૂબ ચૅનલ : Gujarat Vishvakosh Trust, ફેસબુક એકાઉન્ટ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને વૉટ્સએપ નં. ૯૮૯૮૦૪૨૬૯૯ પરથી રજૂ થશે.

ટેક્નોલોજી

# ગૂગલની એઆઈ સર્વિસથી સર્જાશે અણધાર્યાં પરિવર્તનો

દુનિયાની ટોચની બે ટેક્નૉલૉજી કંપનીઓ - ગૂગલ અને માઇક્રોસૉફ્ટ વચ્ચે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સમાં આગળ વધવાની હોડ જામી છે. ભારતીય મૂળના સીઈઓ સત્યા નડેલાના નેતૃત્વમાં માઇક્રોસૉફ્ટે ઓપન એઆઈને ફંડિંગ કરીને ચૅટજીપીટી નામનો ચૅટબોટ લૉન્ચ કર્યો ને પહેલી ચાલ ચાલી નાખી.

બીજી તરફ ગૂગલના ભારતીય મૂળના સીઈઓ સુંદર પિચાઈની આગેવાનીમાં ગૂગલે પણ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સંચાલિત ચૅટબોટ બનાવવાના પ્રયાસો તો થોડાં વર્ષ પહેલાં જ શરૂ થયા હતા, પરંતુ માઇક્રોસૉફ્ટે નવી નવી કંપની ઓપન એઆઈની મદદથી સરસાઈ મેળવી લીધી હતી.

શરૂઆતમાં પાછળ રહી જવા છતાં ગૂગલે બરાબર ટક્કર ઝીલી છે. ચૅટજીપીટીની સામે ગૂગલે પોતાના ચૅટબોટ બાર્ડને મેદાનમાં ઉતારીને સ્પર્ધાને રસપ્રદ બનાવી દીધી છે. ગૂગલે એકસાથે ઘણા ફેરફાર કરીને વપરાશકર્તાઓનો એક્સપિરિયન્સ બદલાશે એવો દાવો કર્યો છે. બાર્ડ એઆઈ સંચાલિત ચૅટબોટ છે. બાર્ડ એકમાં અનેક સુવિધા આપે છે તેથી ઝડપભેર લોકપ્રિયતા મળી રહી છે.

ગૂગલ સર્ચ એન્જિનમાં ડૉક્યુમેન્ટ સર્ચનો ઑપ્શન ઉમેરાયો. જી-મેઇલનાં પણ નવાં રૂપરંગ જોવા મળશે. અત્યારે જી-મેઇલમાં ડ્રાફ્ટ લખતી વખતે સ્પેલિંગ અને વાક્યમાં ભૂલ હોય તો એને સુધારવાનો અને ચેક કરવાનો વિકલ્પ મળે છે, પરંતુ હવે તેનાથી આગળ ગૂગલે નવું બટન ઉમેર્યું છે. 'હેલ્પ મી રાઇટ' નામનું આ બટન વપરાશ કરનારાઓને વિષય પ્રમાણે મેઇલ લખી આપશે અને જો ટાઇમ સેટ કરાશે તો એ સમયે સેન્ટ પણ કરી આપશે. ટાઇમ સેટ કરવાની સુવિધા તો અત્યારેય છે જ, પરંતુ તેને વધારે બહેતર બનાવાઈ રહી છે. ટાઇપિંગના ઑપ્શન્સ સાથે જ વિષય પ્રમાણે ટેમ્પ્લેટ બતાવશે. જે વિષયનો મેઇલ લખવાનો હશે એમાં માત્ર ખપ પૂરતું જ એડિટિંગ કરવાનું રહેશે. જેમ કે, આભાર માનવાનો હશે તો એ પ્રમાણેનાં વાક્યો હશે, રાજીનામું લખવાનું હોય તો એ મુજબના શબ્દો હશે. નોકરી માટે સંપર્ક કરવાનો હોય તો એવા ડ્રાફ્ટનો વિકલ્પ મળશે. ફૉર્મલ મેઇલ્સના જેટલા જેટલા શબ્દો ને વાક્યો હશે એ વિશે હવે વિચારવાની જરૂર રહેશે નહીં. તૈયાર ડ્રાફ્ટ મળશે, તેના કારણે વપરાશકર્તાનો સમય બચશે અને એ કામ થશે ગૂગલ એઆઈ ટૂલથી.

ગૂગલે ચૅટબોટ બાર્ડને ગયા માર્ચ મહિનામાં લૉન્ચ કર્યું હતું. ચૅટજીપીટીને સ્પર્ધા આપવા માટે મર્યાદિત વપરાશકર્તા માટે લૉન્ચ થયેલા આ ચૅટબોટને હવે ૨૦૦થી વધુ દેશોના વપરાશકર્તાઓ માટે લૉન્ચ કરાયું. બાર્ડ ચૅટજીપીટીની જેમ વૉઇસ કમાન્ડ મેળવીને સર્ચ રિઝલ્ટ આપશે. જે વપરાશકર્તાઓએ બંનેનો અનુભવ કર્યો એ વપરાશકર્તા અત્યારે બાર્ડથી પ્રભાવિત થઈ રહ્યા છે. કેટલાક વપરાશકર્તા કહે છે કે ગૂગલ સર્ચ એન્જિન એમ જ મૉનોપૉલી નથી ભોગવતું, એ વાત વધુ એક વખત ગૂગલે

એ સાબિત કરી છે. બાર્ડ એવાં કામ કરે છે, જે ચૅટજીપીટી નહીં કરી શકે.




ચૅટજીપીટી અને બાર્ડ વચ્ચે મૂળભૂત ફરક રિઅલ ટાઇમ ઇન્ફર્મેશનનો છે. ચૅટજીપીટી એના ઇન્સ્ટોલ ડેટામાંથી વપરાશકર્તાને જવાબો આપે છે, જ્યારે બાર્ડ રિઅલ ટાઇમ રિઝલ્ટ આપે છે. વળી, બાર્ડની બીજી ખાસિયત તેની સરળ ભાષા છે. ચૅટજીપીટી જે ભાષામાં સવાલો પૂછવામાં આવે એ ભાષામાં જવાબો આપે છે. એટલે કે સવાલોમાં અઘરા શબ્દો હોય તો જવાબો પણ અઘરા મળે છે. તેના બદલે બાર્ડ સરળ ભાષામાં જવાબો આપે છે. ટૂંકા અને સરળ શબ્દોમાં બાર્ડના જવાબો પણ અત્યારે વપરાશકર્તાઓને આકર્ષી રહ્યા છે. બાર્ડ મૂળ સવાલની સાથે કનેક્ટ હોય એવા સવાલોના જવાબો પણ બતાવે છે. બાર્ડનાં ઘણાં ફિચર્સ અત્યારે ચૅટજીપીટીમાં નથી, પરંતુ એનો અર્થ એ નથી કે આગામી સમયમાં પણ નહીં હોય. ચૅટજીપીટીને પણ બહેતર બનાવવાની દિશામાં પ્રયાસો થઈ રહ્યા છે એટલે સ્પર્ધા બરાબરની જામશે.

ગૂગલે એ સિવાયની સર્વિસ અને એપ્સમાં પણ એઆઈની ટૅક્નિકનો ભરપૂર ઉપયોગ શરૂ કર્યો છે. ફોટો એડિટિંગ સૉફ્ટવૅરથી લઈને ગૂગલ લેન્સ સહિત બધે જ છૂટથી એઆઈની ટૅક્નિક ખપમાં લેવાઈ રહી છે. ગૂગલ લેન્સના કારણે સર્ચ કરવાનું સરળ બન્યું છે. ધારો કે કોઈ વ્યક્તિના મોબાઇલમાં સુંદર સ્થળની તસવીર આવી છે, પણ એ સ્થળ ક્યાં આવેલું છે તેની કોઈ જ જાણકારી મળતી નથી. એવી સ્થિતિમાં ગૂગલ લેન્સમાં એ તસવીર સ્કેન કરશે કે તરત જ ઓપન સોર્સમાંથી એની વિગતો સ્ક્રીન સામે હાજર થઈ જશે. બીજું એક ઉદાહરણ : તમે ક્યાંક ફરવા ગયા છો અને એ બાંધકામ, મંદિર કે ઇમારતની કોઈ જ જાણકારી તમને નથી. તમારી સાથે ગાઇડ નથી. તો લેન્સ તમારા ગાઇડની ભૂમિકામાં આવી જશે. તમારે લેન્સ ઓપન કરીને પ્લેસ નામનો જે વિકલ્પ છે એના પર ક્લિક કરવાનું છે અને ઇમારતનો ફોટો પાડવાનો છે. એ સાથે જ એ ઇમારત-સ્થળની જેટલી વિગતો હશે એટલી બધી જ તમને થોડી સેકન્ડમાં મળી જશે.

વધુ એક ઉદાહરણ : કોઈ વનસ્પતિને ઓળખવી છે અને એના વિશે નામ કે બીજું કંઈ જ જાણતા નથી તો એને લેન્સમાં સ્કેન કરશો કે તરત એના વિશે જેટલી જાણકારી હશે એ બધી જ તમને મળી જશે. એનું વૈજ્ઞાનિક નામ શું છે? એનો ઉપયોગ ક્યાં થાય? કયા રોગમાં મદદરૂપ બની શકે? ઘરમાં એ વનસ્પતિ હોય તો શું ફાયદો થાય? તમારી નજીકમાં કયાં સ્થળેથી એને મેળવી શકાશે... એ બધી જ જાણકારી ગણતરીની પળોમાં મેળવી શકાય છે.

એવી જ રીતે છપાયેલા કે લખેલા અક્ષરો પણ યુનિકોડ ફોન્ટમાં મેળવવાનું સરળ બન્યું છે. ધારો કે તમારી પાસે એકાદ બે ફકરા લખેલા પડ્યા છે અને તમારે ફેસબુક કે વૉટ્સએપમાં શેર કરવા એની યુનિકોડની ઓપન ફાઈલ જોઈએ છે તો તમે એ ફાઈલને સ્કેન કરીને ફોન્ટ સિલેક્ટ કરો ને કૉપી કરો એટલે ઓપન ફાઈલ તૈયાર. પણ હા અત્યારે હજુ એમાં ઘણી ભૂલો (error) આવે છે એટલે સતત સુધારા થશે પછી વધારે બહેતર બની જશે. વળી, કોઈ પુસ્તકમાંથી થોડાં વાક્યો કે એક આખો ફકરો રિસર્ચમાં, લેખમાં કે બીજા કોઈ હેતુથી લેવો હોય તો એને ટાઇપ કરવામાંથી મુક્તિ મળી જાય છે. ગૂગલ લેન્સમાં એ પેજ સ્કેન કરો એટલે એટલો ભાગ ઓપન ફાઈલ બની જાય છે. આ ફ્રી એપ એઆઈની ટૅક્નિકથી ચાલે છે અને અનેક બાબતોમાં ઉપયોગી થઈ પડી છે.

ગૂગલ લેન્સ તો વિદ્યાર્થીઓને હોમવર્ક કરવા સુધીની સુવિધા આપે છે ને અનુવાદમાં પણ મદદરૂપ બને છે. જેમ કે તમારી પાસે કોઈ સ્પૅનિશ અથવા બંગાળી ભાષામાં ડૉક્યુમેન્ટ છે ને તમને કદાચ એ પણ ખબર જ નથી કે ડૉક્યુમેન્ટમાં જે ભાષા છે એ કઈ છે, તોપણ સ્કેન કરીને ટ્રાન્સલેશનના વિકલ્પ પર ક્લિક કરવાથી તમને એનો ગુજરાતી અનુવાદ મળી જાય છે. એમાંય હજુ ટ્રાયલ-એરર બેઝ પર સુધારા-વધારા થઈ રહ્યા છે, પરંતુ જે ભાષા સાથે તમારે કોઈ સંબંધ નથી એમાં શું લખ્યું છે તેની પ્રાથમિક જાણકારી આ સૉફ્ટવૅરથી મળી જાય છે.

ગૂગલની એવી જ બીજી એપ છે ગૂગલ ડીપ માઇન્ડ. રોજિંદી સમસ્યાઓનો જવાબ ગૂગલ ડીપ માઇન્ડ આપે છે. ટ્યૂશનમાં હાજર રહી શકાયું ન હોય તો ડીપ માઇન્ડ વિદ્યાર્થીઓને ટૉપિક પ્રમાણે ટ્યૂશન કરાવશે. કોઈ વાનગી બનાવતા હોઈએ અને ક્યાંક અટકી જઈએ તો ડીપ માઇન્ડ એનો ઉકેલ આપશે. તે એટલે સુધી કે તમારે કોઈ ઈવેન્ટમાં જવું નથી અને તમારે આયોજકને ગળે ઊતરે એવો જવાબ આપવો છે તો તમારી જે પરિસ્થિતિ છે એ ડીપ માઇન્ડને જણાવશો કે તરત એ તમને યોગ્ય બહાનું સુધ્ધાં શોધી આપશે! એઆઈથી સજ્જ આ ટૅક્નિક ૨૧ જેટલી રોજિંદા જીવનને લગતી સર્વિસ આપે છે.

ધારો કે ‘વિશ્વવિહાર’ના સંપાદકને લેખ લાંબો હોવાથી પાનામાં સમાવવામાં મુશ્કેલી પડશે તોપણ ગૂગલની એઆઈ ટૅક્નિક મદદ કરશે! ગૂગલ એસજીઈ (સર્ચ જનરેટિવ એક્સપિરિયન્સ) ટૂલથી લાંબા આર્ટિકલ ટૂંકા થઈ શકશે. એઆઈ ટૂલ લેખમાંથી એવી વિગતો ઓળખી લેશે જે બિનજરૂરી હશે અથવા તો પુનરાવર્તન થતું હશે. પાંચ-દસ લીટીનો અભ્યાસ કરીને એનું ત્રણ-ચાર લીટીમાં સંક્ષિપ્ત કરી આપશે. લાંબા સાયન્ટિફિક રિસર્ચના લેખોને ટૂંકા કરવામાં આ એઆઈ ટૂલ અત્યારે ખૂબ જ ઉપયોગી થઈ રહ્યું છે.

ટૂંકમાં ઓપન એઆઈ અને ગૂગલની સ્પર્ધામાં ગૂગલે શરૂઆતમાં પાછળ રહ્યા પછી બમણી સ્ટ્રાઇક રેટથી બૅટિંગ શરૂ કરી છે. ઓપન એઆઈનો ચૅટબોટ ચૅટજીપીટી કેવો જવાબ આપશે તેના પર હવે નજર રહેશે. બે ટોચની કંપનીઓની સ્પર્ધાના કારણે એઆઈની ટૅક્નિક ધાર્યા કરતાં અનેક ગણી ઝડપે વિકસી રહી છે.

**— હર્ષ મેસવાણિયા**

હાસ્ય

# અફવા એટલે........

કહે છે કે કવિઓ જન્મે છે, બનતા નથી. (એટલે જ કદાચ દરેક કવિને લાગે છે કે પોતે આજન્મ કવિ છે.) કવિઓ વિશેનું આ કથન અફવાના સર્જકને પણ એટલું જ લાગુ પડે છે. અફવાના સર્જકો પણ જન્મે છે, બનતા નથી. દરેક અફવા એક મૌલિક કાવ્ય જેવી હોય છે.

કવિઓ કાવ્યનું સર્જન કરીને કાવ્ય સાથે પોતાનું નામ જોડવાનો આગ્રહ રાખે છે. (કેટલીક વાર તો બીજાના કાવ્ય જોડે પણ પોતાનું નામ જોડવાનો ઉત્સાહ દાખવે છે.) પણ અફવાનો સર્જક સ્વભાવથી નિર્લેપ હોય છે. એ અફવાને વહેતી મૂકીને પછી એનાથી અળગો થઈ જાય છે. અફવા વહેતી મુકાયા પછી વ્યક્તિની મટીને સમૂહની બને છે. અફવા પર કોઈનો કૉપીરાઇટ હોતો નથી; સૌ કોઈ એમાં સુધારાવધારા કરવાના હકદાર છે. દૂધમાં પાણી ઉમેરાતું જાય એમ દૂધ પાતળું બને છે, પરંતુ અફવાનું એથી ઊલટું છે. એટલે જ અફવાને ફુગ્ગા જેવી કહી છે. દરેક ફૂંકે એનું કદ વધતું જાય છે !

અફવાની અસર અદ્ભુત હોય છે. ઈશ્વરમાં ન માનનારા મળી આવે પણ અફવાને ન માને, અફવાને એક કાનેથી સાંભળી બીજા કાને કાઢી નાખે એવો મનુષ્ય આ જગત વિશે જડવો મુશ્કેલ છે. આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિના અવસાનની અફવા રાષ્ટ્રપતિ અને એમનાં પત્ની સિવાય આખા દેશે માની લીધી હતી. રાષ્ટ્રપતિ જો નબળા મનના હોત તો એમણે પણ ડૉક્ટરને ફોન કરીને પોતાના જીવતા હોવા વિશે ખાતરી કરી આપવા રાષ્ટ્રપતિભવનમાં બોલાવ્યા જ હોત ! ભારત જો જૂનું રશિયા હોત તો અવસાનની અફવા પછી રાષ્ટ્રપતિ જ્યારે ટીવી પર દેખાયા ત્યારે આ ખરા રાષ્ટ્રપતિ નથી, પણ એના ડુપ્લિકેટ છે, એવી અફવા પણ ચોક્કસપણે ફેલાઈ હોત !

જે અનારકલી જન્મી જ નહોતી એ અનારકલીને અકબર બાદશાહે દીવાલમાં જીવતી ચણી દીધી એવી અફવા એટલા જોરશોરથી ફેલાઈ ગયેલી કે અકબર બાદશાહ એકદમ મૂંઝાઈ ગયેલા. કોઈ કોઈ વાર તો ખુદ અકબરને એવી શંકા થતી કે ખરેખર પોતે અનારકલીને જીવતી ચણી દેવાના ઑર્ડર પર ભૂલથી તો સહી નહિ કરી નાખી હોય ને ! જહાંગીર ગાદીએ આવ્યો ત્યારે નૂરજહાંએ પણ એને અનારકલી વિશે પ્રશ્નો પૂછી પૂછીને અનેક વાર મૂંઝવી નાખેલો. પોતે આવી કોઈ અનારકલીને સપનામાં પણ કદી જોઈ નથી એવી સ્પષ્ટતા જહાંગીરે વારંવાર કરેલી. પણ કડક સાસુ જેમ વહુનો ખુલાસો ન સ્વીકારે, કડક બૉસ જેમ કર્મચારીઓનો ખુલાસો માન્ય ન રાખે, ગુસ્સે થયેલા મુખ્યપ્રધાન કે વડાપ્રધાન જેમ પ્રધાનનો ખુલાસો અમાન્ય કરે, ટ્રાફિક પોલીસ જેમ વાહનચાલકની વાત ન સાંભળે એમ નૂરજહાંએ જહાંગીરનો એકેય ખુલાસો માન્ય રાખ્યો નહોતો.

અફવાની શક્તિથી અકબર બાદશાહ એટલા બધા પ્રભાવિત થઈ ગયા હતા કે એક વાર એમણે બિરબલને પૂછ્યું 'બિરબલ, આ અફવા કેવી રીતે ફેલાતી હશે ?' બિરબલે કહ્યું, 'જહાંપનાહ ! અફવા ઈશ્વર જેવી છે. એ શું છે, કેવી રીતે સર્વત્ર વ્યાપી રહે છે, એ સમજાવવું કઠણ છે. પરંતુ તમે કહો તો ડેમૉન્સ્ટ્રેશન કરી બતાવું.'

અકબર બાદશાહ અફવાનું ડેમૉન્સ્ટ્રેશન જોવા સંમત થયા. એટલે બિરબલે જી. આર. બહાર પાડી રાજ્યના તમામ સૈનિકોને રાજધાનીમાં હાજર થવા હુકમ કર્યો. ઘણા વખત પછી ટી.એ.ડી.એ. મળવાની શક્યતા ઊભી થઈ એટલે સૈનિકો રાજી થતા થતા રાજધાનીમાં આવી પહોંચ્યા. એ વખતે પણ દિલ્હી મૅટ્રો સિટી ગણાતું એટલે દિલ્હી માટેના ટી.એ.ડી.એ.ના દર, આજની પેઠે, તે વખતે પણ ઘણા ઊંચા હતા. ખોટું દાક્તરી સર્ટિફિકેટ રજૂ કરી માંદગીની રજા પર હતા, તેઓ પણ ટી.એ.ડી.એ. મેળવવા ખોટું ફિટનેસ સર્ટિફિકેટ રજૂ કરી, હાજર થઈ ગયા.

બિરબલે બધા સૈનિકોને વારાફરતી બોલાવી એક લાઈનમાં ઊભા રહી જવાની ને પોતાની આગળનો સૈનિક જે કહે એ વાત પોતાની પાછળના સૈનિકને કહી તરત લાઈનની બહાર નીકળી, કોઈની સાથે કશું બોલ્યા વગર પોતાના ડ્યૂટીના સ્થાને પહોંચી જવું અને ત્યાં જઈ ટી.એ.ડી.એ.નું ફૉર્મ ભરી વિનાવિલંબે મોકલી આપવું એવી સૂચના આપી. (આ સૂચનામાં ટી.એ.ડી.એ.નું ફૉર્મ વિનાવિલંબે મોકલવાની સૂચના વધારાની હતી. એ સમયે પણ કર્મચારીઓ ટી.એ.ડી.એ.નું ફૉર્મ ભરવામાં જરાય વિલંબ કરતા નહોતા.) આટલા બધા સૈનિકોને આ સૂચના કન્વે કરવામાં જ ઘણા દિવસો નીકળી ગયા. જોકે કશું કામ કરવાનું નહોતું અને ડી.એ. ચડતું હતું એટલે સૈનિકો રાજી હતા. સૂચનાનું કામ પૂરું થયું. સૈનિકો લાઈનસર ઊભા રહી ગયા. લાઈન કેટલાય કિલોમીટર લાંબી થઈ. બિરબલની સૂચના પ્રમાણે અકબરે પહેલા સૈનિકને કહ્યું, 'બિરબલને બે દિવસથી મલેરિયા થયો છે' આ વાત આગળના દરેક સૈનિકે પાછળના દરેક સૈનિકને કહેવાની હતી – એ જ સાંભળી શકે એટલી ધીમેથી કહેવાની હતી. દિવસો સુધી મૅસેજ પાસ ઑનની આ પ્રક્રિયા ચાલી. આ પ્રક્રિયા પૂરી થઈ એટલે છેલ્લા સૈનિકને અકબર અને બિરબલ પાસે બોલાવવામાં આવ્યો. અકબરે આ છેલ્લા સૈનિકને એની આગળના સૈનિકે શું કહ્યું, તે રિપીટ કરવા કહ્યું. પેલો સૈનિક તો બાપડો શિયાવિયા થઈ ગયો. એકદમ ગભરાઈને એણે કહ્યું, 'જહાંપનાહ ! મને માફ કરો. મેં એ સાંભળ્યું તો ખરું, પણ હવે એ બોલવાનું પાપ મારાથી નહિ થઈ શકે.' આ સાંભળી અકબરને ભારે અચંબો થયો. બિરબલને સાદો અમથો મલેરિયા થયો છે એવી વાત કહેવામાં આ બહાદુર સૈનિક ગભરાઈ કેમ ગયો એ અકબરની સમજમાં ન આવ્યું. એમણે મૂંઝાઈને બિરબલ સામે જોયું. બિરબલે સ્મિત કર્યું અને પછી કડક અવાજે પેલા સૈનિકને કહ્યું, 'તને તારી આગળના સૈનિકે જે કહ્યું હોય તે કહી દે. તું જો નહિ કહે તો તને ટાડામાં ફિટ કરી દઈશ.' ટાડાનું નામ સાંભળી બિચારો સૈનિક વધુ ગભરાઈ ગયો. એ ભાડુંભથ્થું મળશે એમ સમજીને હોંશથી દિલ્હી આવ્યો હતો, પરંતુ ભાડાભથ્થાની જગ્યાએ ટાડાની વાત આવી પડી એટલે એના તો મોતિયા મરી ગયા. એ જાણતો હતો કે ટાડા નીચે

**(અનુસંધાન ૨૨મા પાને)**

# અદિતિને પડકાર ગમે !



અદિતિ પાટીલ

વારંવાર પડતા દુષ્કાળ, અનાવૃષ્ટિ અને પાણીની તીવ્ર અછત માટે મહારાષ્ટ્ર રાજ્યનો મરાઠાવાડ પ્રદેશ જાણીતો છે. લાતૂર જિલ્લાના ઉદગીરમાં રહેતી અદિતિ પાટીલ ૨૦૧૧-૧૨ દરમિયાન અભ્યાસાર્થે પુણે ગઈ હતી. ત્યાં એક દિવસ 'પુણે મિરર' અખબારમાં બે વખતને બદલે એક વખત પાણી આપવામાં આવશે એવા સમાચાર વાંચીને પુણેના શાણા નાગરિકોએ વિરોધ દર્શાવ્યો અને કેટલાક રસ્તા પર ઊતરી આવ્યા. આવા સમાચારથી અદિતિ સ્તબ્ધ હતી, કારણ કે તેને આવી કોઈ સિસ્ટમનો ખ્યાલ જ નહોતો, કારણ કે તેમને ત્યાં તો દસ દિવસે એકાદ વખત નળમાં પાણી આવે, તોપણ ઘણું સારું કહેવાય. સદ્ભાગ્ય ગણાય ! ક્યારેક વીસ દિવસે તો ક્યારેક ત્રીસ દિવસે પાણી આવતું. આવી પરિસ્થિતિમાં સહુ જીવતાં હતાં. આના નિવારણ માટે કોઈ કશું કરવા તૈયાર નહોતું તો કેટલાક લોકો એવા પણ હતા કે જેમને સતત ચિંતા સતાવતી હતી, કારણ કે ૨૦૧૬માં લાતૂર જિલ્લામાં ભયાનક દુષ્કાળ પડ્યો, ત્યારે ટ્રેન દ્વારા પાણી પૂરું પાડવામાં આવ્યું હતું. એમાંય ઉદગીરની પરિસ્થિતિ તો અત્યંત વિકટ હતી. ઈસરોએ અભ્યાસના આધારે એવી આગાહી પણ કરી છે કે ૨૦૩૦ સુધીમાં મરાઠાવાડનો પ્રદેશ રેતાળ રણમાં ફેરવાઈ જશે. અદિતિ પાટીલ આના ઉકેલ માટે સતત વિચારતી રહી.

અદિતિએ વિચાર્યું કે ચોમાસાની ઋતુમાં વૃક્ષારોપણ કરવું, જેથી પાણીની મુશ્કેલી દૂર થાય, પરંતુ તેની પાછળ ઘણો ખર્ચ થાય તેમ હતું અને સરકારી મદદ મેળવવી એટલી સહેલી નહોતી. એ સમય દરમિયાન એણે સીડબૉલ વિશે વાંચ્યું અને માહિતી મેળવી. જાપાની ખેડૂત, માઇક્રોબાયૉલૉજિસ્ટ અને ફિલૉસૉફર માસાનોબૂ ફુકુઓકાએ આપેલી આ ટૅક્નિક છે, જેમાં શાકભાજી, ફળ કે વૃક્ષનાં બીજને માટીમાં નાખીને એના બૉલ બનાવવામાં આવે છે અને પછી આ ઑર્ગેનિક બૉલને સંબંધિત વિસ્તારમાં ફેંકવામાં આવે છે. સીડબૉલ વિશે અદિતિએ એના મિત્રોને જણાવ્યું. પિકનિક હોય એ રીતે સહુ ભેગાં થયાં અને સીડબૉલ બનાવ્યા. એમાંથી કેટલાક ઊગ્યા પણ ખરા. સીડબૉલ બનાવવામાં બે ભાગ માટી અને એક ભાગ ખાતરનું પ્રમાણ લેવામાં આવે છે. એમાં પ્રમાણસર પાણી મેળવવામાં આવે છે. પાણીનું પ્રમાણ વધુ ન હોવું જોઈએ કે જેથી બૉલ વળે નહીં કે ઓછું પણ ન હોવું જોઈએ. આ મિશ્રણમાં અંદર બીજ મૂકીને તેને બૉલ જેવો આકાર આપવામાં આવે છે અને બે દિવસ છાંયડામાં સૂકવવામાં આવે છે. બૉલનો આકાર બીજના આકારની સાથે નાનો-મોટો થતો રહે છે. આ સીડબૉલ

સુકાઈ ગયા બાદ જે જમીન પર ઉગાડવા હોય, તે જમીન પર ફેંકવામાં આવે છે. વરસાદ આવતાં જ સીડબૉલ ખૂલી જાય છે અને બીજને પાણી મળે છે. આ રીતે છોડને વાવ્યા વિના જ તે ઊગી નીકળે છે. સીડબૉલની સૌથી સારી વાત એ છે કે તેમાં નાખેલું બીજ સુરક્ષિત રહે છે, પક્ષીઓ ખાઈ શકતાં નથી અને ખર્ચ પણ કેટલો ઓછો - એક સીડબૉલ બનાવવામાં વધુમાં વધુ દસ રૂપિયાનો ખર્ચ થાય છે !

અદિતિ પાટીલને સફળતા મળતાં તેઓ તેમના પરિચિતોનો સંપર્ક કરી સ્કૂલમાં ગયાં. અહીં વર્કશૉપનું આયોજન કર્યું. અત્યાર સુધીમાં એકસોથી વધુ સ્કૂલમાં વર્કશૉપ કરી છે અને પંદર હજાર બાળકોને સીડબૉલ બનાવતાં શીખવ્યું છે. ધીમે ધીમે આમાં એના મિત્રો જોડાતા ગયા અને ઉદગીરમાં ૨૦૧૮માં કારવાં ફાઉન્ડેશનની સ્થાપના કરી. પોતાના સાથીઓના સાથથી એણે બે નાનાં જંગલ બનાવ્યાં છે. એમાં અત્યારે બારસોથી વધારે વૃક્ષો છે. અદિતિના કહેવા પ્રમાણે એક કલાકમાં એકસો સીડબૉલ બનાવી શકાય છે. અદિતિ અને એનાં મિત્રો અત્યાર સુધીમાં સાઠ હજારથી વધુ સીડબૉલ તૈયાર કરી ચૂક્યાં છે. આ ઉપરાંત તેઓએ પાંચ સીડબૅંક તૈયાર કરી છે. જેમાં ફળો અને શાકભાજીનાં બીજનો સંગ્રહ કરવામાં આવે છે. તેઓએ બે લાખથી વધુ બીજનો સંગ્રહ કર્યો છે.

ત્રીસ વર્ષની અદિતિ પાટીલે કાયદાનો અભ્યાસ કર્યો છે, પરંતુ તેને આ કામમાં વધુ રસ છે. તે પોતાના સાથીઓ સાથે મળીને બાળકોને રમતાં રમતાં સીડબૉલ બનાવવાનું શીખવે છે. બાળકોને આ અભિયાન સાથે જોડવાનું કારણ એ છે કે નાનપણથી જ તેઓ પર્યાવરણ પ્રત્યે જાગ્રત બને અને તેના સંરક્ષણમાં સક્રિય રસ દાખવે. એ ઑનલાઈન વર્કશૉપ પણ ચલાવે છે. કોરોનાના કપરા કાળમાં ઑનલાઈન દ્વારા જ લોકોને સીડબૉલ પ્રત્યે જાગ્રત કર્યા. કારવાં ફાઉન્ડેશને ૭૨૫ કિમી. કરતાં પણ વધારે સાઈકલયાત્રાનું આયોજન કર્યું, જેથી આમજનતા સીડબૉલ અભિયાનમાં જોડાય. અદિતિ પાટીલ આટલેથી અટકતી નથી. કારવાં ફાઉન્ડેશન દ્વારા ગણપતિ પંડાલમાં દાનપેટીની સાથે જ્ઞાનપેટી મૂકવામાં આવે છે. લક્ષ્મી સાથે સરસ્વતીને જોડવાના પ્રયાસમાં તેમને જ્ઞાનપેટીમાં બસો વિદ્યાર્થીઓ માટે નોટબુક, પેન, પેન્સિલ મળ્યાં, જે એક નાની સ્કૂલ માટે પૂરતાં હતાં. આ સફળતાથી પ્રેરાઈને અનેક ગણપતિ પંડાલમાં જ્ઞાનપેટી મૂકી. આની સાથે સાથે તેઓ 'વાચનકટ્ટા'ની પ્રવૃત્તિ કરે છે. જે બાળકો પૈસાના અભાવે પુસ્તકાલય સુધી ન જઈ શકતાં હોય અથવા માતા-પિતા બંને મજૂરી કરતાં હોય તેવાં બાળકો માટે આ વાચનકટ્ટાની પ્રવૃત્તિ કરે છે. જેમાં મંદિર, કૉલેજ, હૉસ્પિટલની બહાર બૉક્સ મૂકવામાં આવે છે. જેમાં કોઈ પણ પુસ્તક નાખો અને કોઈ પણ પુસ્તક લઈ જાઓ એવી વ્યવસ્થા હોય છે. તેઓ વરસાદી પાણીનો સંગ્રહ કરે છે. મસ્જિદમાં નમાજ પઢતાં પહેલાં વજુ કરવામાં આવે છે તે પાણીનો પણ બોરવેલની બાજુમાં સંગ્રહ કરે છે. પર્યાવરણના દરેક પાસાનો ઊંડો અભ્યાસ કરીને તેની જાળવણી માટે અત્યંત જાગૃત અદિતિ પાટીલનું માનવું છે કે પર્યાવરણ બચશે, તો જ આપણે બચીશું ને ?

**– પ્રીતિ શાહ**

# ચિત્રકાર ધનવંતી બ્રહ્મલીન થયાં




કલાજગતમાં 'ધનવંતી'ના નામે જાણીતાં ધનવંતીબહેન વીસનજી નાગડાનું લાંબી બીમારી બાદ એક ઑગસ્ટ, ૨૦૨૩ના રોજ પુદુચેરી(પોંડીચેરી)ના શ્રી અરવિંદ આશ્રમમાં નેવું વર્ષની ઉંમરે અવસાન થયું. ગુજરાતી હોવા છતાં ગુજરાતમાં જ એમની ખાસ કોઈ ઓળખ નહોતી. એમનો મિતાક્ષરી પરિચય જાણીએ.

સાવ નાનપણથી ધનવંતીબહેને એમનું જીવન એક કાર્યકર્તા અને સાધક તરીકે શ્રી અરવિંદ આશ્રમને સમર્પિત કરેલું. તેઓએ આશ્રમની શાળામાં એક શિક્ષક તરીકે પણ કાર્ય કરેલું. એમને ચિત્રો કરવાનો શોખ નાનપણથી જ બહુ હતો. સાથે સાથે શિલ્પોનું પણ સર્જન કરતાં. એક ચિત્રકાર તરીકે એમની ચિત્રશૈલી અમૂર્ત (abstract) હતી. અને એમનાં ચિત્રોના વિષયો પણ બધા આધ્યાત્મિક અનુભૂતિના હતા. એમનાં ચિત્રોમાં પાત્રગતતા ન હોવા છતાં એક અમૂર્ત ભાવની રજૂઆત થઈ છે તે મનને જ નહીં, હૃદયને પણ સ્પર્શ્યા વગર રહેતી નથી. આ ચિત્રોમાં ભાવકના ઈશ્વર સાથેના સંબંધની વાત હોવાની પ્રતીતિ પ્રબળ થાય છે.

ધનવંતીબહેનનાં ચિત્રો વૉટર કલર, પેસ્ટલ વર્ક, પેન્સિલ-ચારકોલ, ક્રેયૉન — આવાં જુદાં જુદાં માધ્યમમાં સર્જાયેલાં છે. શ્રી અરવિંદ આશ્રમમાં પોતે શ્રી અરવિંદ અને માતાજીના સાંનિધ્યમાં સતત બચપણથી રહેલાં એટલે એમનાં ચિત્રોમાં દિવ્યતાના (ડિવાઇન) અંશો, પ્રતીકો, ફૂલો, જ્યોત, પ્રકાશ, સૂર્ય તરફ જતો રસ્તો કે ચંદ્ર તરફ જતી કેડી, ઊડતું પક્ષી, જળપ્રપાત - આવા અનેક વિષયોના દિવ્ય સાધનાના અંશો નજરે પડે છે. ચિત્રની નીચે શીર્ષક પણ એવાં જ. શીર્ષકમાં નીચે શ્રી અરવિંદ અને માતાજીનાં સુવાક્યો પણ લખેલાં હોય. આ ચિત્રોમાં કોઈ એકલદોકલ માણસની વાત નથી થઈ, પણ સમસ્ત માનવજાતની થઈ છે. આ ઉપરાંત કોઈ આધિદૈવિક પાત્ર પણ જોવા મળે. મોટે ભાગે તો કોઈ પાત્રગત નહીં તેવી અમૂર્તતા અને રંગોની સંવાદિતા રજૂ થઈ હોય. જે મન ઉપર અમીટ છાપ છોડતી હોય છે.

ધનવંતીનાં ચિત્રો વિશે કંઈ કહેવું તે કોઈ વ્યક્તિની આંતરિકતા, તેની ગુપ્ત દુનિયાઓના ધીમા પ્રગટીકરણ વિશે કહેવા બરાબર છે. આત્માના અંતરજ્ઞાનને અનુભવેલ દૃષ્ટિલ સ્વપ્નાંઓ તથા ભુલાઈ ગયેલા મહાન જ્ઞાનની જાગૃતિમાંથી હજુ ખીલી રહેલી કોમલ દુનિયાઓની વાત છે. આધ્યાત્મિકતા એમ જ્યારે કહીએ છીએ ત્યારે આ છે એમનાં ચિત્રોની અનુભૂતિ. એમનાં ચિત્રોનાં બે પુસ્તકો 'મેડિટેશન ઈન કલર્સ' અને 'તપસ્યા' એવા શીર્ષકથી પ્રગટ થયાં છે. 'તપસ્યા' અંગ્રેજી અને ફ્રેન્ચ






એમ બે ભાષામાં પ્રગટ થયું છે. એમનાં ચિત્રોનાં પ્રદર્શન પુદુચેરી, ચેન્નાઈ, કૉલકાતા અને બૅંગાલુરુ જેવાં શહેરોમાં તથા ફ્રાન્સ, અમેરિકા અને બ્રાઝિલ જેવા દેશોમાં થયાં છે. ધનવંતીનાં ચિત્રો માણવાં એ એક આધ્યાત્મિક અનુભવ પામવા જેવું છે.

ધનવંતીબહેન માતૃભાષા કચ્છી અને ગુજરાતી ઉપરાંત અંગ્રેજી, હિન્દી, બંગાળી અને તામિલ તથા ફ્રેન્ચ જેવી વિદેશી ભાષાનાં જાણકાર અને તેના સાહિત્યથી પરિચિત હતાં અને આ ભાષાઓમાંથી અનુવાદો કરતાં હતાં. તેઓ પોતે પણ અંગ્રેજીમાં કવિતાઓ લખતાં હતાં. એમનાં લખાણો અને અનુવાદો અવારનવાર 'ઇન્ડિયન લિટરેચર'માં પ્રગટ થયાં હતાં. સુંદરમ્‌નાં કાવ્યોનો એમણે અંગ્રેજીમાં કરેલો અનુવાદ 'સિલેક્ટેડ પોએમ્સ ઑફ સુંદરમ્'ના નામે પ્રગટ થયો છે. જેનું પ્રકાશન સાહિત્ય અકાદમીએ કરેલું છે. સુંદરમ્ ઉપરાંત રમણિક સોમેશ્વર અને પ્રદ્યુમ્ન તન્ના જેવા કવિઓની કવિતાનો પણ અંગ્રેજીમાં અનુવાદ કરેલો છે.

**– અભિજિત વ્યાસ**

---

**(૧૮મા પાનાનું ચાલુ)**

ફિટ થવા કરતાં તો શૂળીએ ચડી જવું બહેતર છે. એણે ગભરાતાં ગભરાતાં કહ્યું, 'જહાંપનાહ ! કાનને દોષ છે. કહેતાં મારી જીભ ઊપડતી નથી. પણ આપનો હુકમ છે એટલે કહું છું, મને આગળના સૈનિકે કહ્યું...મને કહ્યું કે...બિરબલને...બિરબલને એઇડ્ઝ થયો છે.' આ સાંભળી બિરબલ ખડખડાટ હસી પડ્યો. એણે અકબર સામે જોયું. અકબર પણ હસવું રોકી શક્યા નહિ. બિરબલે હસતાં હસતાં કહ્યું, 'જહાંપનાહ ! અફવા ફેલાવવાનો આપનો હેતુ નહોતો. પણ શરૂઆત આપનાથી થઈ એટલે અફવા ફેલાવવામાં આપનો પણ ફાળો ખરો.' અકબરને બરાબર સમજાઈ ગયું કે અફવા કેવી રીતે ફેલાય છે !

તા.ક. આ વાર્તા વાંચીને કોઈને પ્રશ્ન થશે કે અકબર-બિરબલના જમાનામાં એઇડ્ઝ જેવો કોઈ રોગ જ નહોતો. મલેરિયાનું નામ પણ કોઈએ સાંભળ્યું નહોતું. પણ આવા પ્રશ્નો કોઈએ કરવા નહિ. અફવામાં બુદ્ધિ લડાવવાનો પ્રશ્ન જ ઉદ્ભવતો નથી. અફવા એટલે જ મલેરિયામાંથી એઇડ્ઝ કરી દેવાની કળા !

**– રતિલાલ બોરીસાગર**

પ્રકલ્પ

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને સંતુલનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા

# અસ્મિતા વિશેષ સંવાદ



**(૧) શ્રી વસંત ગઢવી :**

એક બહુપરિમાણીય વ્યક્તિત્વ એટલે શ્રી વસંત એસ. ગઢવી. મૂળ સરકારી વહીવટમાં અવ્વલ દરજ્જે ફરજ બજાવી અને શ્રેયકર કાર્ય કરીને નિવૃત્તિ પછી પણ ઉચ્ચ પદ પર નિયુક્તિ મેળવતા રહ્યા. પણ શ્રી ગઢવીસાહેબની જિહ્વા પર અને કલમ પર મા સરસ્વતીનો ઉપકાર કાયમ રહેલ છે. તેઓ સાહિત્યના ઉપાસક છે અને લોકસાહિત્યના મર્મી છે. તેઓ ભણતા હતા એ દરમિયાન જ ભગત બાપુ સાથે બેસવાનું મળ્યું તે મોટો લ્હાવો. ખૂબ સરળ અને શાંત પ્રકૃતિના ગઢવીસાહેબ સાથે આત્મીય સંવાદ ધીર ગંભીર પ્રવાહ જેવો ગહેરો રહ્યો. આવો, તેઓની વાત સાંભળીએ :

કૉલેજનો અભ્યાસ અમારી બોર્ડિંગ ભાવનગર હોવાથી ભાવનગરમાં થયો. આને પણ હું જીવનનો એક મોટો લ્હાવો ગણું છું, કારણ કે ભાવનગરમાં ગયા પછી થોડા સમયમાં જ એવું લાગ્યું કે અહીં ઘણાં સ્થળોએ સાંભળવા જેવાં આયોજનો થાય છે. પ્રિ. જયેન્દ્ર ત્રિવેદી જેવાને બોલતા સાંભળ્યા ત્યારે એમ થયું કે આને જ તો 'નૉલેજ' કહેવાય. પહોંચવું હોય તો આ લોકો સુધી પહોંચવાનો પ્રયાસ કરવો જોઈએ. બોર્ડિંગમાં ભગતબાપુ (કવિ દુલા કાગ) પણ નિયમિત રીતે આવે અને રોકાય પણ ખરા. ભગતબાપુને મળવા જે લોકો આવે, એમને નજીકથી જોવા એ પણ લ્હાવો હતો. હિતેન્દ્ર દેસાઈ, મોરારજી દેસાઈ આવે પછી ત્યાંના સાંસદ અને આપણા નાણાપ્રધાન પણ રહી ચૂકેલા જસવંત મહેતા, જયમલ પરમાર, મેરુભા ગઢવી અને એક વૈદ્ય મોટા ભાઈ ગઢડાવાળા જે પ્રખર સાહિત્યકાર પણ હતા તે પણ આવે, જયહિન્દના તંત્રી બાબુભાઈ શાહ પણ ખરા. આ બધા લોકોને નજીકથી જોવાની તક મળે.

માણસ સાથે કઈ રીતે વાત થવી જોઈએ એ બાબતમાં ભગતબાપુમાં ઘણી ક્ષમતા જોવા મળી. અમે હિતેન્દ્રભાઈને લઈને અંદર ગયા. હિતેન્દ્રભાઈ એ વખતે સત્તા પરથી દૂર થઈ ગયેલા હતા, એટલે હિતેન્દ્રભાઈએ કહ્યું કે, 'બાપુ, અમે લોકોની થાય એટલી સેવા કરી અને જે લોકોએ નક્કી કર્યું, એ પણ અમે સ્વીકારીએ છીએ, પણ આટલાં વર્ષો સુધી આપ ચોક્કસ માનશો કે અમે સારી સેવા તો કરી છે. એટલા તો આપના

આશીર્વાદ અમારા ઉપર હશે. આપનું માનવું પણ હશે.' ભગતબાપુએ હિતેન્દ્રભાઈ દેસાઈને ઠાવકાઈથી જવાબ આપ્યો કે, 'તમે ઘણું સારું કામ કર્યું, એમાં કોઈ બેમત નથી પણ કનૈયાલાલ દેસાઈ(હિતેન્દ્રભાઈના પિતા)ની સમકક્ષ પહોંચી શક્યા નથી.' હિતેન્દ્રભાઈએ સ્વીકાર્યું કે, 'બાપુજી જેટલું તો ના થઈ શકે.'

ઘણાં વર્ષો પછી હું સૂરત કલેકટર તરીકે ગયો એટલે ઓલપાડનાં ગામડાંઓમાં ગયો. એમાં જોગાનુજોગ કનૈયાલાલની ઓલપાડનાં ઘણાં બધાં ગામોમાં મોટી જમીનદારી હતી. એમના ફોટા મેં કોઈ જગ્યાએ જોયા. કોઈ સરપંચના ત્યાં ચા પીવા ગયો ત્યાં પણ ફોટા જોયા. તો મને થયું, હિતેન્દ્રભાઈ જેવો ફેસ કોનો છે ? તો કહે, કનૈયાલાલ દેસાઈનો ફોટો છે. પછી મેં કહ્યું, 'કનૈયાયાલ દેસાઈ વિશે મેં કંઈ સાંભળ્યું નથી.' એકબે જૂના આગેવાનોએ કહ્યું કે, 'સાહેબ, એ એક અદ્‌ભુત વ્યક્તિ હતા. આટલી બધી એમની જમીનદારી હતી પણ સરળતા ઘણી ને ખેડૂતો સાથે વ્યવહાર બહુ સારો. પણ એક દિવસ એમના ઉપર વિનોબા ભાવેનો પત્ર આવ્યો. ત્યારે તો પોસ્ટકાર્ડ લખાતાં હતાં. એમાં લખ્યું હતું કે હું ભૂદાનયાત્રામાં લગભગ આ ગાળામાં ગુજરાતમાં આવીશ. તો તે વખતે સૂરત જિલ્લામાં આ તારીખો લગભગ આવશે અને બારડોલી આ તારીખે મારી જાહેરસભા કરીશ. એ બારડોલી જાહેરસભામાં ટેન્ટેટિવ તારીખ આ છે, પણ તમને હું અત્યારથી કહી રાખું છું. તમારે એ સભાનું પ્રમુખસ્થાન લેવાનું છે. ભૂદાનની આ સભાનું તમારે પ્રમુખસ્થાન લેવાનું છે, એ કાગળ વાંચીને એકબે દિવસ પછી એમણે એમના કેટલાક ખેડૂત ખાતેદારો હતા એમને બોલાવ્યા ને બધાને કહ્યું કે, આ જમીન છે એ હું તમને તમારા નામે કરી દેવા માંગું છું. (પોતાની જમીન સ્વેચ્છાએ એમના નામે કરી દેવા માંગે છે.) એના કાગળો તો મારા માણસો કરી આપશે. પણ તમારી સંમતિ જોઈએ છે મારે', એમણે હાથ જોડીને કહ્યું. લોકોએ કહ્યું, 'ભાઈ, આ જમીનની અમે ક્યાં તમારી પાસે માંગણી કરી છે ? અમે કોઈ ફરિયાદ પણ કરી નથી.' એણે કહ્યું કે, 'ફરિયાદ કે માંગણીની તો આ વાત જ નથી, તમે એવું કરો તેવા પણ નહીં. પણ વિનોબાની ભૂદાનની સભાનું જો પ્રમુખસ્થાન મારે લેવાનું હોય તો એ પહેલાં મારે આ વિધિ કરવી પડે.' આ વાત કરવાનો એમના માટે કોઈ TRP મેળવવાનું તો કારણ જ નથી, નથી મારા માટે TRP મેળવવાનું કારણ એટલે આ વાત જે બનેલી છે એ હું કહું છું, છતાં ઘણી ઓછી જગ્યાએ કહું છું, કારણ કે હવે લોકો આ સ્વીકારવા તૈયાર નથી.

હું કલેકટર હતો ને હિતેન્દ્રભાઈના મોટા ભાઈને જ્યારે પણ મળ્યો ત્યારે, તેઓ બૅંકમાં પ્રમુખ હતા એટલે કોઈ પણ પબ્લિક બોર્ડ માટે એમની પાસે જઉં તો પહેલાં એ એવું કહે કે, 'તમારે મને બોલાવી લેવો જોઈએ. કલેકટરો બહુ કામમાં હોય, અમે આવી જઈએ, અમારે કાર્યકરોને શું કામ ?' એટલે પેલા વિવેક અને પછી તમે જે પણ કામ લઈને ગયા હો તમે એમને કહો કે, ધારો કે ૫૦ લાખ રૂપિયા રોકવાના છે તો એ ૪૯ લાખની વાત ન કરે. તમારે ત્યાં આવી, તમારી ઑફિસમાં તમે જેનું નામ આપો એને બીજે દિવસે ચેક આપી જાય. તકલીફો તો ઘણી પડી હશે, સંઘર્ષ ઘણા કરવા પડ્યા હશે ત્યારે આપણને એમ થાય કે આવી વ્યક્તિઓના પ્રમાણમાં તો આપણે કોઈ સંઘર્ષો કર્યા જ નથી.

(૨) **શ્રી સતીશ વ્યાસ :** ભાષા સાહિત્ય ભવનના પ્રાધ્યાપક તરીકે નિવૃત્ત થનાર શ્રી સતીશ વ્યાસ કેવળ ગુજરાતીના પ્રાધ્યાપક રહીને નિવૃત્ત નથી થયા. તેઓએ અનેક ક્ષેત્રોમાં પ્રદાન કર્યું છે અને સઘળાં ક્ષેત્રો



વિદ્યાર્થીઓની અભિવ્યક્તિને સ્પર્શતાં. વિદ્યાર્થીઓ અને તે પણ યૌવનથી છલકતા !! તેઓને ગમતીલી પ્રવૃત્તિમાંથી અભિવ્યક્તિની ઉત્તમ કળા નાટક તરફ સતીશભાઈ ક્યારે વાળી દે તે કોઈને ન સમજાય. પોતે મૃદુ છતાં મક્કમ અને સસ્મિત સંવાદ કરીને તમને ખેંચી રાખી શકે તેવું તેમનું વ્યક્તિત્વ. ગુજરાતીમાં માતબર પ્રદાન કરનાર સતીશભાઈ સાથે અસ્મિતા સંવાદમાં વાતચીતનો દોર બહુ આનંદથી ચાલ્યો. આપણે થોડો રસ ચાખીએ..

એક વાર આજોલમાં એક શિબિર થઈ. વિવિધ પ્રવૃત્તિવાળા વિદ્યાર્થીઓ ભેગા થયા હતા. કવિતાવાળા થોડા, વક્તૃત્વવાળા ઝાઝા. મને અને મણિલાલ પટેલને વક્તૃત્વની તાલીમ માટે આજોલ મોકલવામાં આવ્યા. થયું એવું કે ત્યાં વક્તૃત્વની તાલીમ લેવા માટે તો બે જ વિદ્યાર્થીઓ હતા અને નાટ્યતાલીમના અનેક વિદ્યાર્થીઓ હતા. આગળના દિવસોમાં એ સૈદ્ધાંતિક ચર્ચાઓથી બહુ કંટાળેલા હતા. અમે ચોથા કે પાંચમા દિવસે ગયા, શિબિર ૯ કે ૧૦ દિવસની હતી, ત્યારે એ વિદ્યાર્થીઓએ કહ્યું કે, સાહેબ સૈદ્ધાંતિક વાતો અમે એટલી બધી સાંભળી છે (કેટલાક કલાકારો મને ઓળખતા પણ હતા ત્યારે) કે આમાંથી અમારે નીકળવું છે. કહે, આમાંથી કંઈક માર્ગ કાઢો. મેં કહ્યું અમારી તો આ ભૂમિકા નથી, અમે તો વક્તૃત્વ માટે આવ્યા છીએ, અમે તો આ ના કરી શકીએ. પછી કહે કે, ના ના પણ તોપણ થોડો સમય સાંજે આવો, તમે વક્તૃત્વની તાલીમ ભલે બેત્રણ વિદ્યાર્થીઓ છે, એને આપો, સાંજના એકાદ કલાક દરમિયાન અમારી સાથે થોડી નાટકની વાત કરો અને કશુંક અમારી પાસે કરાવડાવો તો વધારે સારું..

રિસેસમાં અમને એવું કહેવામાં આવ્યું અને પછી મેં મણિભાઈને કહ્યું, આપણે ચાલોને બેસીએ જરા, મોડા જઈશું. મણિભાઈ તો એ રીતે બહુ ઉદાર છે અને સારી મૈત્રી પણ ખરી અમારી. તો પછી ત્યાં એક વસ્તુ આપી વિદ્યાર્થીઓને કહ્યું, ચાલો, તમે એક ઈમ્પ્રોવાઈઝ કરો. કશુંક તમારી આગળ વસ્તુ રજૂ કરીએ અને તમે એમાંથી નાટક વિકસાવો. વિદ્યાર્થીઓને મજા પડી ગઈ. કંઈક એ વખતે સઝ્યું એવું કે ચલોને આપણી પાસે ઘણી જૂની વાર્તાઓ છે. સાહિત્યમાં ભણાવેલી જ હોય. આપણે તેવી એક વાર્તામાં એવું આવતું કે, એની નાયિકા નાયકને બળદ બનાવી દે છે. પછી ઘાણીએ લગાડે છે અને એવું બધું... આવી બધી ઘણી વાર્તાઓ આપણે ત્યાં પડેલી છે અને પછી એક બળદ પાસે અમાનુષી રીતે કામ લેવામાં આવે. અમાનુષ જ હોય ને પછી બળદ છે એટલે... એનું શોષણ કરવામાં આવે.. આવી પરિસ્થિતિ આવી હોય તો

વિચાર કરતાં કરતાં એવું લાગ્યું કે, આપણે બળદને બળદ રાખવો છે, નાયિકાને પણ સામાન્ય નાયિકા રાખવી છે અને કંઈક એવું કરીએ કે લગ્ન થયું છે અને પહેલી જ રાત્રે પુરુષનું બળદમાં કે આખલામાં રૂપાંતરણ થઈ જાય. મણિભાઈની સાથે વાત કરીને આવું એક થીમ વિદ્યાર્થીઓને આપીએ. જોઈએ શું કરે છે. અને કહ્યું કે, ચાલો આનું નાટક કરો.

અને પેલા ગામડાના વિદ્યાર્થીઓ હતા, એ કહે કે, 'સાહેબ લગ્નથી શરૂ કરીએ તો ? પહેલી રાત્રિની વાત પર એકદમ નથી આવવું.' લગ્નનાં ગીતો શરૂ કરી દીધાં. અને આ બાળકોનું એટલું ઇન્વોલ્વમેન્ટ થયું કે એમાંથી એ એક કલાક દરમિયાન એક આખા નાટકનું માળખું તૈયાર થઈ ગયું. પારિવારિક થયું આખું. એમાં સાસુ પણ આવે, સસરા પણ આવે, પછી પત્ની ફરિયાદ કરે કે આ તો આખલો છે, તમે મને ક્યાં આની સાથે પરણાવી ? શયનગૃહમાંથી બહાર આવે ત્યારે એ આખલો હોય જ નહીં. એટલે સાસુ-સસરા કહે છે કે, 'તું તો અમારા દીકરાને બદનામ કરે છે, આમ કરીને કે આખું સરસ વ્યાવહારિક નાટક ઊભું થયું. અને એમાંથી પછી મેં પહેલું પૂર્ણ કદ(ફૂલ લેન્થ)નું નાટક લખ્યું. મણિભાઈ સાથે ચર્ચા કરીને 'પશુપતિ' એવું નાટકનું શીર્ષક આપ્યું. ત્યાર પછીથી હું ફૂલ લેન્થ નાટક તરફ વળ્યો. આ એક મોટો ચેન્જ અમદાવાદમાં આવ્યા પછીનો. ભણાવવાનું તો ચાલુ હોય, એમાં બિલકુલ બાંધછોડ નહીં, એ રીતે નાટક તરફ આગળ વધ્યો...'

**– ભદ્રાયુ વછરાજાની**

## વાચકમિત્રોને ખાસ વિનંતી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સામયિક 'વિશ્વવિહાર'માં આવતી પ્રમાણભૂત અને વૈવિધ્યસભર લેખસામગ્રીથી આપ પરિચિત છો. આપને ઘણા લાંબા સમયથી 'વિશ્વવિહાર' મોકલવામાં આવે છે. આપનું લવાજમ પૂરું થઈ ગયું હોય તોપણ કદાચ આપને 'વિશ્વવિહાર' મળતું હશે. સાહિત્ય, કલા, સંસ્કૃતિ, રાજકારણ, પ્રવાસ, રમત-ગમત, શિક્ષણ, ટૅક્નૉલૉજી, હાસ્યલેખ અને પ્રેરક ચરિત્રો જેવા વિષયોની કેટલીય સામગ્રી અમે 'વિશ્વવિહાર'માં આપીએ છીએ. વળી ગુજરાતના આ સાંસ્કૃતિક કેન્દ્રમાં ચાલતી અને હવે પછી થનારી પ્રવૃત્તિઓની વિગતો પણ આ સામયિકમાંથી મળી રહે છે. આથી કદાચ તમારું લવાજમ પૂરું થઈ ગયું હોય તો વહેલી તકે લવાજમ મોકલી આપશો.

'વિશ્વવિહાર'નું **વાર્ષિક લવાજમ ૧૫૦ રૂ.** અને **ત્રણ વર્ષનું લવાજમ ૪૦૦ રૂ.** છે. આપ મનીઑર્ડરથી અથવા **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામે ડ્રાફ્ટ કે ચેકથી મોકલી શકશો. આપના ઉમદા સહયોગની અમે આશા સેવીએ છીએ.

### બૅંકની વિગત

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481
Bank Name : Bank Of Baroda, Usmanpura Branch
IFS Code : BARB0USMANP (5th Character is Zero)

લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઇલ (vishvakoshad1@gmail.com), વૉટ્સએપ (9898042699) તથા પત્ર દ્વારા અચૂક જાણ કરવી.

# ચિહ્નિત મકાનો

આગવું બનવું એ આજના સમયની એક ઘેલછા છે. વ્યક્તિત્વ તરીકે કે વેશભૂષા માત્રમાં, રહેણીકરણીમાં કે બોલચાલની શૈલીમાં, પોતાની માલિકીના સ્થાપત્યમાં કે તેના આંતરિક આયોજનમાં આગવું બનવું અને તે પ્રમાણે વર્તવું એ સમાજના એક વર્ગ માટે ગાંડપણ સમાન બની ગયું છે. આ આગવાપણું લાવવા ક્યાંક ગતકડાં પણ પ્રયોજાય છે તો ક્યાંક ગંભીર પ્રયોગો પણ કરવામાં આવે છે. આગવું બનાવવાના આવા વિચારશીલ તથા ગંભીર પ્રયોગોના પરિણામે ચિહ્નિત–ICONIC મકાનો અસ્તિત્વમાં આવ્યાં.

આવાં મકાનો દેખાવમાં આગવાં-નજરે ચઢે તેવાં હોય છે. તેની રચના સીમાચિહ્ન સમાન લેખવામાં આવે છે. સ્થાપત્યના ક્ષેત્રમાં તે નવી વિચારસરણીના પ્રણેતા બને છે. પ્રયોગાત્મક ધોરણે પણ તેમનું આગવું મહત્ત્વ ગણાય છે, કારણ કે આવા પ્રયોગથી જ સ્થાપત્યમાં નવી દિશાની સંભાવના વિકસતી હોય છે. આ નોંધપાત્ર મકાનોની રચના સ્થાપત્યના ઇતિહાસમાં નવા પ્રકરણની શરૂઆત સમાન બની રહે છે.

આ ચિહ્નિત મકાનો તેમના આકારને કારણે કે તેમના પ્રમાણમાપને કારણે ચર્ચામાં રહે છે. તેમની સપાટીઓને અપાતા આખરી ઓપમાં તે પ્રમાણેની સામગ્રીનું ચયન પણ મહત્ત્વનું બની રહે છે. તેની બનાવટમાં માળખાગત રચના કે તેના માટેની નવીન તકનીક પણ ક્યારેક આગવી છાપ છોડવામાં સારો ભાગ ભજવે છે. સ્થાપત્યકીય ઉપરાંત આવાં મકાન સામાજિક મહત્ત્વ પણ ધરાવી શકે. નવાં કીર્તિમાન સ્થાપતાં આવાં ચિહ્નિત મકાનો અન્ય સ્થપતિઓ માટે અનુસરણ કરવા યોગ્ય ગણાય છે.

પ્રેરણા આપતાં આ મકાનો સંજોગો પ્રત્યેના હકારાત્મક, સંવેદનશીલ તથા સર્જનાત્મક પ્રતિભાવ સમાન ગણાય છે. તેની રચના કલ્પનાની સંભવિત સીમાના વિસ્તારને જાણે આંબી જાય છે. માણી શકાય તેવી સ્થાપત્ય-રચના કરવા માટેનો જાણે આ લગભગ પૂર્ણ પ્રયાસ હોય છે. આ વિશિષ્ટ રચનાઓનું પ્રતીકાત્મક મૂલ્ય પણ સ્થપાતું જાય છે. ક્યાંક સૌંદર્યની અનુભૂતિ માટેની કળાત્મકતા તો ક્યાંક તકનીકી-ઈજનેરી જ્ઞાનનાં ઉચ્ચતમ શિખરો, ક્યાંક તાજી-નવીન વિચારધારાનું મૂર્તિમંત સ્વરૂપ તો ક્યાંક પર્યાવરણ માટેની વાજબી ચિંતા, ક્યાંક સાંદર્ભિક અગ્રતાક્રમ સાચવવા નિષ્ઠા તો ક્યાંક પ્રતીકાત્મક રજૂઆતને ઉત્સવમયી બનાવવાની ઇચ્છા, ક્યાંક સામૂહિક લાગણીઓને અપાતું મહત્ત્વ તો ક્યાંક જે તે વ્યક્તિની દૃષ્ટિને અપાતો ન્યાય, ક્યાંક પરંપરા માટેનો અપાર લગાવ તો ક્યાંક આધુનિકતાને નવા જ પરિપ્રેક્ષ્યમાં પ્રયોજવાની ચેષ્ટા – આ બધું ચિહ્નિત મકાનોમાં ક્યાંક ને ક્યાંક કોઈ ને કોઈ માત્રામાં જોવા તો મળશે જ.

સીડની ઓપેરા હાઉસના વિશેષ સ્થાનને અનુલક્ષીને વહાણના શઢ જેવો નિર્ધારિત કરાયેલો તેનો આકાર, ઈલોરાના કૈલાસ મંદિરમાં પોતાનો આત્મા જોડીને કરાયેલી

કાવ્યમય કારીગરી, હાગીઆ સોફિયાની રચનામાં માળખાગત બાબતોને ભૌમિતિક આકારો સાથે સાંકળીને ઊભી કરાયેલી ભવ્યતા, ફોલિંગ વૉટર નામના રહેણાકની રચનામાં કુદરત સાથે રચાયેલ અસામાન્ય સમીકરણ, બાર્સિલોના પેવેલિયનમાં લોખંડ અને કાચના ઉપયોગથી આરંભાયેલ રમ્ય ઈજનેરી સૌંદર્ય, રોંચેપના ચર્ચમાં કૉંક્રિટ જેવી સામગ્રીને પ્રતીકાત્મક આકારમાં ઢાળવાની ક્રિયા, મ્યુનિક ઑલિમ્પિક સ્ટેડિયમમાં તાણિયા માળખાની અભૂતપૂર્વ રચના, ટોકિયોના મિનરલ હાઉસમાં નાની રચનાને પણ ઊંચાઈ પર લઈ જવાની સફળતા, ક્લીફ હાઉસમાં દરિયાને પૂરેપૂરો માણી લેવાની ઘેલછા કે મહાબલિપુરમ્‌ના રથોની રચનાથી આરંભાયેલ દ્રવિડિયન મંદિરોની શૈલી – આ અને આવી બધી બાબતો, આ અને આવાં મકાનોને ચિહ્નિત બનાવે છે. સમય જતાં આ મકાનો સાંસ્કૃતિક તથા ઐતિહાસિક ધરોહરનાં સાક્ષી બની રહે. આવાં મકાનો જ જે તે સ્થાન કે શહેરની ઓળખ બની રહે છે.



**સમુદ્રકિનારાનો આનંદ**

આજના સંદર્ભમાં ચિહ્નિત મકાનોની વ્યાખ્યા ક્યાંક બદલાતી જતી હોય એમ જણાય છે. આજની આવી રચનાઓમાં ગંભીરતાને બદલે ક્યાંક ગ્લેમર હાવી થતું જણાય છે. માત્ર દેખાવમાં 'ઢીંચક' બનાવવાની ઘેલછામાં ઉપયોગિતા કે પર્યાવરણ જેવી ઘણી બાબતોમાં બાંધછોડ કરાતી જોવા મળે છે. આ દેખાવ ઘણી વાર નકલી હોય છે અને આગળ લગાવેલ સુશોભિત પડદા દ્વારા નિર્ધારિત થાય છે. આવા પડદાને મકાનના બંધારણ કે બાંધકામ સાથે કંઈ સંબંધ નથી હોતો. મકાનને પાઉડર-લાલી લગાવવાની જાણે આ પ્રક્રિયા છે. મકાનને ચિહ્નિત બનાવવામાં આજકાલ કાં તો પચરંગી કાચ જડી દેવાય છે કાં તો અસાંદર્ભિક આકાર પ્રયોજાય છે કાં તો કૃત્રિમ રોશનીથી જાતજાતની પરિસ્થિતિ સર્જાવાનો પ્રયત્ન કરાય છે. સ્થાપત્યના ક્ષેત્રમાં આવી બાબતોને મહત્ત્વ નથી અપાતું અને આ બાબતોને ગંભીર પણ નથી ગણાતી.

જોકે આવાં મકાનો ધ્યાનાકર્ષક બનવાથી તે જે તે વિસ્તારમાં લૅન્ડમાર્ક ગણાય છે અને ક્યારેક તે વિસ્તારમાં આર્થિક રોકાણને પણ પ્રોત્સાહન આપે છે. આવાં મકાન ક્યાંક સ્થાનિક પ્રવાસનને પણ વેગ આપી શકે. આવાં મકાનના આકારનું ખાસ મહત્ત્વ રહેતું હોવાથી તે બધાંથી અલગ તરી આવે છે અને બાકી બનતાં નવાં મકાનો તે પ્રત્યેના પ્રતિભાવ સમાન બની રહે છે.

ચિહ્નિત મકાનોને પસંદ કરતો ખાસ એક વર્ગ છે; જે સંપન્ન છે. મકાનને ચિહ્નિત બનાવવા માટે કરવો પડતો વધારાનો ખર્ચ તેમને માન્ય છે. આમ તો દરેક સંપન્ન વ્યક્તિ પોતાની માલિકીના મકાનને ચિહ્નિત બનાવવા પ્રયત્ન કરે, પણ તે માટે જરૂરી થ્રેસ હોલ્ડ ઓળંગવો પડે.

**– હેમંત વાળા**

# એક નોખી ભાતનો કવિ : લાઓ ત્ઝુ

'તાઓ તે ચિંગ'નાં જેટલાં ભાષાંતર થયાં છે તેટલાં બાઈબલના અપવાદ સિવાય, દુનિયામાં બીજા કોઈ પણ પુસ્તકનાં થયાનું જાણમાં નથી. ઈસુ પહેલાં ૬૦૦ વર્ષે ચીનમાં કૉન્ફ્યૂશિયસના સમકાલીન ફિલસૂફ જેને વિશ્વ 'લાઓ ત્ઝુ' તરીકે જાણે છે તેવા એક ચિંતક કવિએ માનવજીવનનાં અસ્તિત્વનું સૌંદર્ય અને સાદગી જગત પાસે મૂક્યાં છે. ભારતીય સંસ્કૃતિમાં શિવસૂત્ર, પતંજલિ યોગસૂત્ર કે ગોરખનાં પદોમાં જે જુસ્સો અને લાઘવ સાથે વિશાળ વિચારસરણી સમાવી લીધાનું દેખાય છે તે કક્ષા ઉત્તર-પૂર્વથી લાઓ ત્ઝુ આપે છે.

વૈવિધ્યથી સભર બ્રહ્માંડમાં શ્વેત વામન તારા તરીકે જાણીતા તારલાઓ કદમાં નાના હોવા છતાં પોતાની ઘટ્ટ અણુરચનાના કારણે વજનમાં અત્યધિક તો હોય જ છે, પણ તેમાંથી બહાર પડતી કિરણોત્સર્ગ-ઊર્જાના લીધે તેનું સપાટી ઉપરનું તાપમાન સૂર્યના તાપમાનથી ઘણું વધુ જોવા મળે છે તેમ તત્ત્વજ્ઞાનના જગતમાં 'તાઓ તે ચિંગ' શ્વેત રચનાના સ્થાને બિરાજે છે.

નમેલા રહેશો તો ટટ્ટાર રહેશો તમે ખાલી રહો તો પરિપૂર્ણ રહેશો.
તમે ઘસાયેલા રહો તો ઊજળા રહેશો.
ઓછું છે જેની પાસે તેમને પ્રાપ્ત થશે, ઘણું છે તે ગૂંચવાશે
વસ્તુઓ જે પ્રાપ્ત કરવી દુષ્કર, તે નુકસાન પહોંચાડે મનુષ્યને
એટલે સંત કરે જોગવાઈ પેટ માટે, નહીં કે આંખ માટે.

લાઓ ત્ઝુની આ કાવ્યપંક્તિ ઇન્દ્રિય કે તાર્કિક મનને આઘાત પહોંચાડે છે, કારણ આપણો ઉછેર દ્વૈત ભાષાને ઉકેલવા માટે થયો છે. આથી હાર-જીત, સારું-ખરાબ, ઓછું-વધારે, લાભ-ગેરલાભથી આપણું સામાજિક ગણિત તાલ મેળવી જાણે છે અને આથી 'તાઓ તે ચિંગ'ની મનોવૈજ્ઞાનિક ભૂમિકા બધું જ ઊલટસૂલટ કરે છે. જગતની ઇચ્છનીય બાબતોને લાઓ ત્ઝુ અનિચ્છનીય કહે છે. બ્રિટિશ મ્યુઝિયમમાં એકમાત્ર હસ્તલિખિત પ્રતમાં સચવાયેલા 'તાઓ તે ચિંગ'માં નોંધે છે,

જે જાણે છે તે બોલતો નથી, જે બોલે છે તે જાણતો નથી.
જે સાચો છે તે દેખાડો કરતો નથી, જે દેખાડો કરે છે તે સાચો નથી.
જે દિવ્યતા ધરાવે છે તે તકરાર કરતો નથી,
જે તકરાર કરે છે તે દિવ્યતા ધરાવતો નથી.
જે પંડિત છે તે ડાહ્યો નથી, જે ડાહ્યો છે તે પંડિત નથી.
સંત પોતાના ગુણોનું પ્રદર્શન કરતા નથી, કારણ તેમની પાસે જાણકારી છે.

'પોતાને ખબર છે તેની ખબર ના હોવી તે જ સૌથી સારું.' તેમ કહેનાર તાઓના

ચિંતનની મહાનતા એવી છે કે, કોઈ પણ સ્વરૂપ સાથે તેનું સરખાપણું નથી. લાઓ ત્ઝુ પોતાનાં કાવ્યોમાં કહે છે,

મારી પાસે ખજાના છે ત્રણ, જેને હું રાખું છું મારી પાસે સુરક્ષિત
પહેલાને કહે છે પ્રેમ, બીજાને કહે છે અતિરેકરહિતતા,
ત્રીજાને કહે છે દુનિયાથી આગળ થઈ જવાના અભરખાનો અભાવ
પ્રેમ હોય એટલે વ્યક્તિ થઈ શકે બહાદુર,
અતિરેક ન હોય એટલે રહી શકે ભરપૂર
દુનિયાની આગળ થઈ જવાનો અભરખો ન હોય
એટલે વ્યક્તિ થઈ શકે છે બધા અધિકારીઓની ઉપર
પ્રેમને બદલે વ્યક્તિ પાસે જો હોય બહાદુરી,
અતિરેકરહિતતાને બદલે વ્યક્તિ પાસે હોય વિપુલતા,
તો પાછળ રહેવાને બદલે વ્યક્તિ જાય છે આગળ,
આ બધું લઈ જાય માત્ર મૃત્યુ તરફ.

માનવજાતના ઈતિહાસના પ્રારંભે ગણો હતા. આ જનસમૂહ હળીમળીને રહેતા પણ કાળક્રમે શૂરવીર પુરુષો ગણોના મુખિયા બન્યા. તેમાંથી કોઈ સામંત થયું, રાજા થયા અને ૧૨મી સદી આસપાસ ભારતમાં ચંદ્રગુપ્ત મૌર્ય તો ગ્રીસમાં સેલ્યુલસ પ્રકારના ચક્રવર્તી રાજાઓ અતિ ભૂમિ-પશુ અને હીરા-ઝવેરાતના અધિપતિ તરીકે પોંખાયા. ૧૭મી સદીમાં બ્રિટિશ હકૂમતે પોતાનું શાસન વિશ્વભરમાં પાથર્યું ને તેમાંથી સરમુખત્યારશાહી વિકસી. ધર્મ અને સત્તાનું બળ પ્રસ્થાપિત કરવા બે વિશ્વયુદ્ધો થયાં. તેથી જગત લોકશાહી રાજ્યપ્રણાલી તરફ વળ્યું. આજે લોકશાહી રાજ્યવ્યવસ્થા આવકાર્ય બની છે, પણ તાઓ સ્વતંત્ર માનવીની વૈયક્તિક ચેતનાને જાગૃત કરી રાજ્યવ્યવસ્થાને નિમ્નસ્તરે મૂકી જણાવે છે કે,

તાઓ ખોવાઈ જાય, ત્યારે ગુણ આવે,
ગુણ ખોવાઈ જાય ત્યારે પરોપકારિતા આવે.
પરોપકારિતા ખોવાઈ જાય, ત્યારે ન્યાયીપણું આવે,
ન્યાયીપણું ખોવાઈ જાય ત્યારે વિધિ-વિધાન આવે.
વિધિ-વિધાન એટલે વફાદારી, આથી જ્ઞાની માણસ નક્કરને પકડશે,
ધૂંધળાને નહીં, સજ્જન બીજાનો ત્યાગ કરશે, પ્રથમને સ્વીકારશે.

રાજ્યવ્યવસ્થા, કાયદો અને ન્યાયવ્યવસ્થાના નામે જનસમૂહને આજ્ઞાંકિત રાખવામાં માને છે. આધુનિક ઉદ્યોગો શિસ્તના નામે નાગરિકોને સર્કસકલ્ચર તરફ દોરી રહ્યા છે ત્યારે લાઓ ત્ઝુ ઇચ્છે છે કે,

લોકોને હુકમ કરવાવાળું કોઈ ના હોય, ત્યારે સ્વયમેવ તેઓ સંવાદી બનશે.
જ્યારે સિદ્ધ થશે ગુણવત્તાઓ ને પૂરા થશે વહેવારો,
ત્યારે લોકો અમે પ્રકૃતિને અનુસરીએ છીએ એમ પોતાના વિશે કહેશે.

બદલાતાં જતાં વ્યક્તિગત મૂલ્યોના કારણે વ્યક્તિની સફળતાના માપદંડો સમૂળગા અવળે માર્ગે જઈ પહોંચ્યા છે. આ વાતે દુઃખ વ્યક્ત કરતાં, સમગ્ર અસ્તિત્વના સંદર્ભમાં માણસના એક ટપકા જેવા સ્થાનને મૂલવતાં તેઓ લખે છે,

તમારાથી વધુ નિકટ શું ? કીર્તિ કે તમે સ્વયં ?
તમને વધુ વહાલું શું ? તમે સ્વયં કે સંપત્તિ ?
કોઈ પણ વસ્તુ માટે અતિ પ્રેમ, દોરી જાય દુર્વ્યય તરફ;
ધનના સંગ્રહની પાછળ પાછળ આવી જાય મોટી લૂંટ
એટલે જે જાણે સંતોષને, તે રહેશે ના થશે કદી માનભંગ;
જે જાણે ક્યાં અટકી જવું, તે રહેશે કદી નાશવંત
પ્રાપ્ત કરો લક્ષ્ય પરમ શૂન્યતાનું; જાળવી રાખો અવસ્થા સંપૂર્ણ શાંતિમાં
અસ્તિત્વમાં આવે બધી વસ્તુઓ અને પછી આપણે જોઈએ તેમને પાછી ફરતી.
જુઓ સંવર્ધન પામી રહેલી વસ્તુઓ તરફ; પ્રત્યેક પાછી ફરે છે તેના મૂળમાં.
પાછું ફરવું મૂળમાં, તેને કહે છે શાંતિ; તેનો અર્થ થયો :
જવું નિયતિની પૂર્વસ્થિતિમાં

મોંગોલ અને ચંગીઝ રાજ્યવ્યવસ્થાઓની ક્રૂરતા સામે જાનનું જોખમ ખેડીને પણ એક કવિ પોતાના હૃદયની વાત મૂકતાં કહે છે -

કીર્તિ અને અપકીર્તિ ભય જેવાં છે,
ઊંચું સ્થાન છે કીર્તિનું અને નીચું છે અપકીર્તિનું.
પ્રાપ્ત કરો, તોપણ તમે રહો જાણે ભયમાં અને ગુમાવો તોપણ રહો જાણે ભયમાં.
લાભ અને હાનિ આપણા દેહ જેવાં છે, દેહ છે એટલે થાય લાભ અને હાનિ.
હોય નહીં દેહ તો થાય ક્યાંથી લાભ અને હાનિ ?
એટલે પોતાના દેહના લાભને જે રીતે ગણે,
તે જ રીતે ગણે દુનિયાના લાભને, તે કરી શકે શાસન દુનિયાનું.
પ્રેમ કરે જેટલો પોતાના દેહને, તેટલો જ પ્રેમ કરે દુનિયાને.

અથાગ ચિંતન અને પરિભ્રમણ કરતા રહી જગતને સનાતન સૂત્રો આપનાર લાઓ ત્ઝુને આજે ૨૬૦૦ વર્ષ પછી પણ જગત ભૂલ્યું નથી. આમ છતાં, લાઓ ત્ઝુ માટે તો તેના ચિંતનથી વિશેષ તેનું માનવસમૂહ માટેનું પ્રત્યક્ષ કર્મ અગત્યનું રહેતું.

'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ તેવું પિંડે-બ્રહ્માંડે'નું ગીત ગાનાર આપણા નરસિંહ મહેતાએ હરિજનવાસમાં સંકીર્તન કર્યું, તે પછી પોતાનો મહિમા પોતે જ ગાયો તેમ લાઓ ત્ઝુ પણ પોતાના સામાજિક કર્તવ્યને વર્ણવતાં લખે છે. બૌદ્ધ સૂત્રો વધુ

લોકોમાં પહોંચે તે માટે લાકડામાં કોતરી, કપડાં ઉપર છાપી તેના પ્રચારના વિચારે શ્રેષ્ઠીઓ પાસેથી દાન મેળવ્યું, પણ પહેલી વાર દુષ્કાળમાં અને બીજી વાર અતિવૃષ્ટિના લીધે શ્રેષ્ઠીઓનું દાન આફતગ્રસ્તો માટે ખર્ચાયું. ૮-૧૨ વર્ષ વેડફાઈ ગયાં પછી પણ ઝાડની છાલ અને કાપડ ઉપર છાપકામની પ્રત તૈયાર થાય છે ત્યારે એક બૌદ્ધ ભિક્ષુ પૂછે છે, 'આપની આવૃત્તિ કેવી રહી !' લાઓ ત્ઝુએ કહ્યું, 'પ્રથમ આવૃત્તિ જેટલી માનવીય નહીં.' સવાર પડતાં જ ટનબંધ છાપકામ બજારમાં ઠલવાય છે તે વચ્ચે પણ 'તાઓ તે ચિંગ'નો પ્રભાવ આજે પણ શ્વેત તારક જેવો વજનદાર છે જે વાચકોને દિશાનિર્દેશ આપે છે.

— ડૉ. નાનક ભટ્ટ

---

## ચંદરયા પરિવાર પ્રેરિત
## શ્રી રતિલાલ ચંદરયા માતૃભાષા ગૌરવ એવોર્ડ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા પોતાની માતૃભાષાના પ્રચાર-પ્રસાર અને સંવર્ધન માટે પોતાના જીવનનાં ૨૬ કરતાં વધુ વર્ષો ફાળવનાર અને ગુજરાતીલૅક્સિકન.કોમના સ્થાપક હૃદયસ્થ શ્રી રતિલાલ ચંદરયાની સ્મૃતિમાં ચંદરયા પરિવાર પ્રેરિત 'શ્રી રતિલાલ ચંદરયા માતૃભાષા ગૌરવ ઍવૉર્ડ' આપવામાં આવશે. ઈન્ફર્મેશન અને ટૅક્નૉલૉજીના માધ્યમ થકી ગુજરાતીલૅક્સિકન.કોમની રજૂઆત વડે શ્રી રતિલાલ ચંદરયાએ સમગ્ર વિશ્વના ગુજરાતી ભાષાના ચાહકો માટે જ્ઞાનનો અખૂટ ખજાનો એક ક્લિકે ઉપલબ્ધ કરાવી આપ્યો છે અને આ માધ્યમથી તેમણે ઘણી મોટી સાહિત્યસેવા કરી છે. ૧૯૨૨માં જન્મેલા શ્રી રતિલાલ ચંદરયાએ માતૃભાષા ગુજરાતીના ડિજિટ્લાઈઝેશન માટે જે અવિસ્મરણીય યોગદાન આપ્યું છે તેની યાદગીરી સ્વરૂપે તેમના જન્મશતાબ્દી વર્ષે એમના પ્રિય અને પસંદગીના ક્ષેત્ર એટલે કે ગુજરાતી ભાષા, બોલી, અને/અથવા સાહિત્ય માટે ડિજિટલક્ષેત્રે મહત્ત્વની કામગીરી કરનાર વ્યક્તિ/સંસ્થાને આ ઍવૉર્ડ આપવામાં આવશે.

જે કોઈ સંસ્થા અથવા વ્યક્તિએ ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજી દ્વારા ગુજરાતી ભાષાની જાળવણી કરવાનો, તેને લોકવ્યાપક બનાવવાનો અથવા તો તેનો વિકાસ કરવાનો પ્રયત્ન કર્યો હશે તેમને નિર્ણાયક સમિતિ દ્વારા યોગ્ય વ્યક્તિ/સંસ્થાને આ ઍવૉર્ડ આપવામાં આવશે. ઍવૉર્ડ મેળવનાર વ્યક્તિ/સંસ્થાને ૧,૦૦,૦૦૦ રૂપિયા અને સન્માનપત્ર આપવામાં આવશે.

આ ઍવૉર્ડ દર વર્ષે ઑક્ટોબર માસમાં આપવામાં આવશે. જે તે વર્ષે અગર કોઈ યોગ્ય વ્યક્તિ/સંસ્થા આ ઍવૉર્ડ માટે પસંદગી ના પામે તો તે વર્ષે તે ઍવૉર્ડ આપવામાં આવશે નહીં.

નિર્ણાયક સમિતિનો નિર્ણય આખરી રહેશે અને તે દરેકને બંધનકર્તા રહેશે.

ઍવૉર્ડ માટેનાં નૉમિનેશન તા. ૨૩ સપ્ટેમ્બર સુધી મોકલવાનાં રહેશે. નૉમિનેશન માટેનાં નામ info@gujaratilexicon.com ઉપર સંપૂર્ણ વિગતો જેવી કે નામ, ઉંમર, સરનામું, મોબાઇલ, ઈમેલ, કાર્યની સંપૂર્ણ વિગતો વગેરે સાથે મોકલવાની રહેશે.

# આગામી કાર્યક્રમો

## શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

### ( ઑનલાઇન કાર્યક્રમો )

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને સંતુલન દ્વારા યોજાયેલા 'અસ્મિતા વિશેષ સંવાદ'માં શ્રી ભદ્રાયુ વછરાજાનીનો નીચેની વ્યક્તિઓ સાથે સંવાદ.

◈ **૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૩, બુધવાર : સાંજના ૫-૩૦**
શ્રી વસંત ગઢવી (સમયમર્યાદા : ૨ કલાક, ૧ મિનિટ)

◈ **૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૩, બુધવાર : સાંજના ૫-૩૦**
શ્રી સતીશ વ્યાસ (સમયમર્યાદા : ૧ કલાક, ૩૮ મિનિટ)

### ( ઑફલાઇન કાર્યક્રમો )

## માતૃભાષા સંવર્ધન કેન્દ્ર

◈ **૯ સપ્ટેમ્બર, ૨૦૨૩, શનિવાર : સાંજના ૫-૦૦**
વિષય : ભાષાશુદ્ધિ વર્ગ
વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર

◈ **૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૩, શનિવાર : સાંજના ૫-૦૦**
વિષય : ભાષાશુદ્ધિ વર્ગ
વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર

## શ્રી યશવંત દોશી સ્મૃતિ-વ્યાખ્યાનશ્રેણી

◈ **૬ સપ્ટેમ્બર, ૨૦૨૩, બુધવાર : સાંજના ૫-૩૦**
વિષય : સમાજ અને સોશિયલ મીડિયાનો પરસ્પર પ્રભાવ
વક્તા : શ્રી અર્પણ યાજ્ઞિક (ક્રિયેટિવિટી વિષયના નિષ્ણાત અને અમેરિકાની પેન સ્ટેટ યુનિવર્સિટીના કૉમ્યુનિકેશન વિભાગના ઍસોસિયેટ પ્રોફેસર)

## પ્રિ. આર. એલ. સંઘવી અને શ્રીમતી મંજુલા આર. સંઘવી જ્ઞાનપ્રસાર વ્યાખ્યાનમાળા

◈ **૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૩, બુધવાર : સાંજના ૫-૩૦**
વિષય : ગ્લોબલ વૉર્મિંગ, ક્લાયમેન્ટ ચેન્જ અને આપણે
વક્તા : શ્રી સિદ્ધાર્થ ઠાકર

## જીવન-ઉત્કર્ષ વ્યાખ્યાનશ્રેણી

◈ **૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૩, શનિવાર : સાંજના ૫-૩૦**

વિષય : જીવનમૂલ્યોથી જીવન-ઉત્કર્ષ

વક્તા : શ્રી વસંત ગઢવી

## વિશ્વા (માત્ર બહેનો માટે)

◈ **૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૩, ગુરુવાર : સાંજના ૪-૦૦થી ૫-૩૦**

વિષય : સાંપ્રત નારીસમાજના સંદર્ભમાં રામાયણ-મહાભારતનાં સ્ત્રીપાત્રો

વક્તા : શ્રી ટીના દોશી

## અગસ્ત્ય ફાઉન્ડેશન અને વિશ્વકોશ લલિતકલાકેન્દ્ર

◈ **૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૩, શનિવાર : સાંજના ૬-૦૦**

અગસ્ત્ય ફાઉન્ડેશન અને વિશ્વકોશ લલિતકલાકેન્દ્રના સંયુક્ત ઉપક્રમે શાસ્ત્રીય અને ઉપશાસ્ત્રીય કંઠ્યસંગીતનો કાર્યક્રમ. કલાકાર : શ્રી સુનંદા શર્મા (પદ્મવિભૂષણ શ્રીમતી ગિરિજા દેવીનાં વરિષ્ઠ શિષ્યા)

## આસ્વાદ

◈ **૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૩, રવિવાર : સવારના ૧૦-૦૦**

વિશ્વકોશભવનના શેઠ હઠીસિંહ કેસરીસિંહ સભાગૃહમાં 'પુ. લ. દેશપાંડે : એક અજાયબ વ્યક્તિત્વ' વિશે જાણીતા વિદ્વાન અને સંનિષ્ઠ પ્રાધ્યાપક શ્રી જયંત જોશીનું વક્તવ્ય.

## શ્રી હરિકેત પાઠક બાળ-કિશોર ચિત્રકલા-સ્પર્ધા : ૭

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા પ્રતિવર્ષ 'હરિકેત પાઠક બાળ-કિશોર ચિત્રકલા-સ્પર્ધા' યોજવામાં આવે છે. ધોરણ ૫-૬-૭ અને ૮-૯ એમ બે જૂથમાં સ્પર્ધા યોજાય છે. જે શાળાઓમાં આ ધોરણોમાં ચિત્રકલાનું શિક્ષણ અપાતું હોય અને ચિત્રકલાને ઉત્તેજન અપાતું હોય તેવી શાળાઓએ પોતાનાં નામ, સરનામાં, આચાર્યશ્રી અને ચિત્ર-શિક્ષકનાં પણ નામ અને સંપર્કસૂત્ર (ટેલિફોન કે મોબાઈલ નંબર) સાથે વિશ્વકોશ ટ્રસ્ટમાં કૃપાબહેન દેથોલિયા(૯૮૯૮૦૪૨૬૯૯)નો ૧૨થી ૫માં સંપર્ક કરીને ફૉર્મ મેળવવું.

આ ફૉર્મ **૭ ઑક્ટોબર, ૨૦૨૩** સુધીમાં કાર્યાલયમાં આપી જવા વિનંતી. આ સ્પર્ધા **૧૫ ઑક્ટોબર, ૨૦૨૩** ને રવિવારે યોજાશે.

દરેક વિભાગમાં એક શાળામાંથી વધુમાં વધુ ત્રણ બાળકો ભાગ લઈ શકશે. ચિત્રકલા-સ્પર્ધાનો વિષય સ્થળ ઉપર તે સમયે જ આપવામાં આવશે. ભાગ લેનાર વિદ્યાર્થીઓએ સવારે ૯-૦૦ વાગ્યે સ્થળ ઉપર હાજર થઈ જવાનું રહેશે. આ સ્પર્ધામાં ભાગ લેનાર દરેક સ્પર્ધકને પ્રમાણપત્ર આપવામાં આવશે.

## ‘વિશ્વા’ રજૂ કરે છે એકાંકીલેખન-સ્પર્ધા

### એકાંકી નાટ્યલેખન-હરીફાઈના નિયમો

૧. આ સ્પર્ધામાં માત્ર લેખિકાઓ જ ભાગ લઈ શકશે. સ્પર્ધક માટે કોઈ વયમર્યાદા નથી.

૨. એકાંકી મંચનક્ષમ અર્થાત્ ભજવી શકાય એવું હોવું જરૂરી. એકાંકી આશરે ઓછામાં ઓછી ૨૫ અને વધુમાં વધુ ૩૫ મિનિટમાં રજૂ થઈ શકે તેવું હોવું જોઈએ. (તે માટે સ્થળ, પાત્રો, તેમના ભાવ, દશ્યબદલ વગેરે સૂચનો સામેલ હોય તો ઉત્તમ).

૩. એકાંકી મૌલિક, અપ્રકાશિત અને ગુજરાતી ભાષામાં જ લખાયેલું હોવું જોઈએ. અન્ય ભાષાઓમાંથી રૂપાંતરિત કે અનુવાદિત કૃતિઓને સ્પર્ધામાં ગણવામાં નહીં આવે.

૪. એક સ્પર્ધક એક જ કૃતિ મોકલી શકશે.

૫. PDF મોકલો તોપણ વર્ડ ફાઈલ મોકલવી જરૂરી છે.

૬. એકાંકીના મથાળે અને ઈ-મેઈલના વિષયમાં, બંને જગાએ ‘વિશ્વા એકાંકીસ્પર્ધા ૨૦૨૩’ જરૂર લખવું.

૭. એકાંકી સાથે આટલી વિગત મોકલવી જરૂરી છે : ૧. સર્જકનો પાંચ લીટીમાં પરિચય ૨. સરનામું, મોબાઈલ નંબર, ઈ-મેઈલ ૩. આ એકાંકી મૌલિક અને અપ્રકાશિત છે, અગાઉ ક્યાંય પ્રકાશિત થયેલ નથી કે પ્રકાશન માટે મોકલાયેલ નથી એવો અલગ કાગળમાં પત્ર, સર્જકની સહી સાથે. (પત્રનો ફોટો મોકલવો)

૮. તમામ એકાંકીઓના પ્રથમ પ્રકાશનનો અધિકાર ‘વિશ્વા’નો રહેશે.

૯. મળેલી કૃતિઓના મૂલ્યાંકન માટે નિષ્ણાત નિર્ણાયકોની નિમણૂક કરવામાં આવશે અને એમનો નિર્ણય આખરી ગણાશે.

૧૦. એકાંકી આ ઈ-મેઈલ (vishvavishvakosh@gmail.com) પર વર્ડ ફાઈલમાં સુઘડ રીતે ટાઈપ કરીને મોકલવી ઇચ્છનીય છે અથવા નીચેના સરનામે સુવાચ્ય અક્ષરોમાં મોકલી શકાશે.

૧૧. એકાંકી મોકલવાની છેલ્લી તારીખ - ૧૫ ઑક્ટોબર, ૨૦૨૩

૧૨. એકાંકીસ્પર્ધાના ઇનામની વિગતો -


| પ્રથમ | દ્વિતીય | તૃતીય | પ્રોત્સાહક |
|---|---|---|---|
| ૧૧,૦૦૦/- | ૭,૦૦૦/- | ૫,૦૦૦/- | ૨,૦૦૦/- |

દર માસની ૫મી તારીખે પ્રકાશિત ISSN 2321 6999

RNI No. GUJGUJ/1998/4459. postal Regd. No. GAMC 1375 2021-23 issued by SSP Ahmedabad-9. Valid Upto 31-12-2023. License to post without Prepayment No. PMG/NG/111/2021-2023. valid upto 31/12/2023. Posted at Ahd PSO On 5th every month.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ પ્રકાશન


# સામયિક-સૃષ્ટિ




છેલ્લાં ૨૫ વર્ષથી સાહિત્ય, સંગીત, સ્થાપત્ય, પ્રવાસ, હાસ્ય, વિજ્ઞાન, ટેક્નોલોજી, કલા, પ્રતિભા, સાંપ્રત પ્રવાહો તેમજ વર્તમાન સમયના પ્રચલિત વિષયોને તજ્જ્ઞો દ્વારા પ્રસ્તુત કરતું વિશ્વકોશનું સામયિક.

**વિશ્વવિહાર**


**વાર્ષિક લવાજમ : રૂ. ૧૫૦/-,**
**ત્રણ વર્ષ : રૂ. ૪૦૦/-**




છેલ્લાં ૩૩ વર્ષથી દેશ અને વિદેશના સર્જકોની સાહિત્યકૃતિ પ્રગટ કરનારું અને ગુજરાતીભાષી પ્રજાની વૈશ્વિક ચાહના મેળવનારું શિષ્ટ અને સંસ્કારી સાહિત્યનું ત્રૈમાસિક.

**ગુર્જરી ડાયજેસ્ટ**

**ત્રણ વર્ષનું લવાજમ :**
**રૂ. ૫૦૦/-**




પ્રસિદ્ધ લેખિકા ધીરુબહેન પટેલની ભાવનાને અનુલક્ષીને પ્રગટ થતું, નારી સર્જકતાને સંકોરતું સાહિત્ય, જ્ઞાન અને કળાનું વિશિષ્ટ ત્રૈમાસિક.

**વિશ્વા**

**વાર્ષિક લવાજમ : રૂ. ૨૦૦/-**

**આ ક્યૂ આર કોડ સ્કેન કરવાથી ‘વિશ્વવિહાર’માં અગાઉ પ્રકાશિત થયેલા લેખો સાંભળી શકાશે અને જે તે મહિનાનું ‘વિશ્વવિહાર’ દર મહિનાની ૧૫મી તારીખે શ્રાવ્ય (ઓડિયો) રૂપે ઉપલબ્ધ થશે.**